# પંચાયતી રાજ (જાહેર વહીવટ) - GPSC મુખ્ય પરીક્ષા

લેખક : પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B., D.Pharm )

## 1. પંચાયતી રાજની પૂર્વભૂમિકા અને ઉદ્ગમ (પૌરાણિકયુગથી પંચાયતનું અસ્તિત્વ)

→ પંચાયત શબ્દમાં પંચ અને આયત - રહેઠાણ, નિવાસનો ઉલ્લેખ છે, જે પંચ ત્યાં પરમેશ્વરની પૌરાણિક ઉક્તિ તરફ અંગુલિનિર્દેશ કરે છે.

→ ગ્રામ પંચાયતનું અસ્તિત્વ વૈદિક કાળ જેટલું પૌરાણિક ગણાય છે, ગંગા અને જમના નદી વચ્ચેના લોકવસવાટ વખતે પૃથુ રાજાએ પંચાયત પદ્ધતિ દાખલ કર્યાનું મનાય છે.

→ મહાભારતના સભાપર્વ (પ્ર.પ.શ્લોક - 83) માં પંચ અથવા ગ્રામ વડીલોના સ્થાન અંગે સૂચક ઉલ્લેખ મળે છે.

→ મહાભારતના શાંતિપર્વ અને મનસ્મૃતિમાં ગ્રામસેવાના ઘણા ઉલ્લેખો મળે છે.

→ વાલ્મીકિ રામાયણમાં સ્વાયત્ત ગામોના સમૂહ જેવા 'જનપદ' નો ઉલ્લેખ મળે છે.

→ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ગ્રામવ્યવસ્થા વિશે વિગતપૂર્ણ વર્ણન જોવા મળે છે.

→ ગ્રીક મુસાફર મેગેસ્થનીઝે પંચાયતોનું 'પેન્ટાર્ડ' નામથી વિવિધતાપૂર્ણ મર્ણન કર્યું છે.

→ જાતક કથાઓમાં ગ્રામસભા અંગેના ઉલ્લેખો મળે છે.

→ હ્યુએનસંગ અને ફાહીયાન નામના ચીની મુસાફરોએ સમૃદ્ધ ગ્રામીણ ભારતનું વર્ણન કર્યું છે.

→ ગુપ્તયુગમાં ગ્રામપંચાયતોએ વ્યવસ્થિત સ્થાન ગ્રહણ કર્યું હતું.

→ રાજસ્થાનમાં સાતમી સદીની શરૂઆતમાં 'પંચકૂળ' અંગેનું લખાણ ઉપલબ્ધ થાય છે. આવો જ ઉલ્લેખ કર્ણાટકના ગંગ અભિલેખોમાં મળે છે.

→ ચૌલવંશ (ઈ.સ. 870-1271) દરમિયાન પંચાયતો સારી રીતે ચાલતી હતી તેના ઉલ્લેખ મળે છે.

→ પંદરમી સદી પછી પંચાયતોના વિકાસ પર અવરોધો શરૂ થયાનું કેટલાક ઈતિહાસકારો માને છે.

### ⏩ બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી રાજ સ્થાપવાના પ્રયાસો

→ લોર્ડ રીપનને પંચાયતી રાજનો પિતા કહેવાય છે.

→ પરદેશીઓના આગમન સાથે પંચાયતી શાસન પ્રકૃતિનું પતન શરૂ થયું, છતાં બ્રિટિશ શાસન દરમિયાન ગ્રામ્ય કક્ષાએ સ્વાયત શાસન સ્થાપવાના અધકચરા પ્રયાસો થયા.

→ ઈ.સ. 1688માં ઈંગ્લેન્ડના ધોરણે મદ્રાસમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપવામાં આવી, પરંતુ સીધા કરવેરા અંગે વિરોધને લીધે આ પ્રયોગ નિષ્ફળ ગયો.

→ ઈ.સ. 1726માં સુધારેલો ચાર્ટર એક્ટ પસાર કરીને મદ્રાસ, મુંબઈ અને કલકત્તા ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપવામાં આવી.

→ સાચા અર્થમાં મ્યુનિસિપલ વ્યવસ્થાતંત્ર - 1793માં અમલમાં આવ્યું.

→ દેશનાં અન્ય નગરો માટે ઈ.સ. 1842માં મ્યુનિસિપલ વ્યવસ્થાતંત્ર અમલમાં આવ્યું.

→ લોકોના વિરોધને લીધે ઈ.સ. 1850માં સીધા કરવેરાને બદલે પરોક્ષ કરવેરાની જોગવાઈ કરાઈ.

→ ઈ.સ. 1858માં ભારત સીધુ બ્રિટિશ તાજના શાસન હેઠળ આવતાં ગ્રામ્ય સ્તરે સ્થાનિક સ્વરાજની સંસ્થાની આવશ્યકતા અંગ્રેજોને જણાઈ.

→ ગ્રામવિસ્તાર માટે સ્વાયત્ત સંસ્થાનો **સૌ**

**પહેલાં પ્રયાસ કરનાર ભારતના તત્કાલિન ગવર્નર લોર્ડ મેયો** હતો. ઈ.સ. 1870માં લોર્ડ મેયોએ પસાર કરેલા ઠરાવમાં ગ્રામ્ય સ્તરે સ્થાનિક સ્વશાસન અને સ્થાનિક કરવેરા દાખલ કરવાનું સૂચન કર્યું.

→ ઈ.સ. 1871માં મદ્રાસ, બંગાળ, પંજાબ, યુ.પી. (યુનાઈટેડ પ્રોવિન્સ) વગેરે પ્રાંતોએ ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક સંસ્થાએ સ્થાપવાના કાયદા કર્યા.

→ સ્થાનિક સ્વરાજની દિશામાં પહેલ **લોર્ડ મેયો**એ કરી પણ તેનો નક્કર પાયો તત્કાલિન ગવર્નર જનરલ લોર્ડ રિપને ઈ.સ. 1882માં એક ઠરાવ પસાર કરીને નાંખ્યો. લોર્ડ રિપન ભારતમાં સ્થાનિક સ્વરાજનો પિતા તરીકે ઓળખાયા.

→ મુંબઈ પ્રાન્તમાં ઈ.સ. 1884માં બોમ્બે લોકલ બોર્ડ એક્ટ પસાર કરાયો, જેમાં જિલ્લા લોકલ બોર્ડ અને તાલુકા લોક બોર્ડની સંસ્થાઓ અસ્તિત્વમાં આવી, પરંતુ તેમાં ગ્રામ્ય માળખાનો ઉલ્લેખ ન હોવાથી પરિસ્થિતિ બગડતી રહી.

→ ઈ.સ. 1889માં બોમ્બે વિલેજ સેનિટેશન એક્ટ પસાર કરાયો, જે અંતર્ગત ગામડામાં સેનિટરી કમિટિ અને સેનિટરી બોર્ડની સ્થાપના કરવામાં આવી.

→ ઈ.સ. 1907માં રાજા એવોર્ડ આઠમાએ વિકેન્દ્રીકરણ અંગે એક રોયલ કમિશનની નિમણૂક કરી, કમિશને ગ્રામપંચાયતોને નાણાકીય સહાય, કેટલાંક કામોની સોંપણી વગેરે ભલામણો કરી, પરંતુ બાકીની જોગવાઈઓ રૂઢિચુસ્ત હોવાથી તેનો અમલ યોગ્ય રીતે ન થઈ શક્યો.

→ ઇ.સ. 1945માં ભારત સરકારે રોયલ કમિશનના સંદર્ભે સ્થાનિક સ્વશાસનનો ઠરાવ પસાર કર્યો, જે લોર્ડ રિપનના ઠરાવનું પુનરુચ્ચાર હતો. આ ઠરાવને સાનુકૂળ પ્રતિભાવ ન મળ્યો.

→ ઈ.સ. 1917નો ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાનો વિષય પ્રાતિક સરકારને અને સ્થાનિક સંસ્થાઓ નાંખી શકે તેવા કરવેરાઓની અલગ અનુસૂચિ તૈયાર કરવામાં આવી. આને લીધે કેટલાક પ્રાંતોમાં સ્થાનિક સ્વરાજને લગતા કાનૂનો અસ્તિત્વમાં આવ્યા.

→ ઈ.સ. 1935ના ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટમાં સ્થાનિક સ્વરાજની જોગવાઈ કરવામાં આવી, ઈ.સ. 1937ની ચૂંટણીમાં પ્રાંતોમાં લોકોએ ચૂંટેલી પ્રજાકીય સરકારો આવી, પરંતુ 1939નું બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં આ યોજના ખોરંભે મૂકાઇ ગઈ.

## ⏩ પંચાયતી રાજ અંગેના મહત્ત્વના કાયદાઓ :

### ⏩ આઝાદી પહેલાં

→ મુંબઈ વિલેજ પંચાયત એક્ટ, 1920

→ બરોડા વિલેજ પંચાયત એક્ટ, 1926

→ ગર્વમેન્ટ ઈન્ડિયા એક્ટ, 1935

→ જસદણ વિલેજ પંચાયત એક્ટ, 1942

→ પોરબંદર વિલેજ પંચાયત એક્ટ, 1944

→ ભાવનગર વિલેજ પંચાયત એક્ટ, 1946

→ ધાંગ્રધા સ્ટેટ વિલેજ પંચાયત એક્ટ, 1946

→ મોરબી વિલેજ પંચાયત એક્ટ, 1947

### ⏩ આઝાદી પછી

→ મુંબઈ વિલેજ પંચાયત એક્ટ, 1958

→ ગુજરાત પંચાયત અધિનિયમ, 1961

→ ગુજરાત પંચાયત અધિનિયમ, 1993

## ⏩ આઝાદી પછી પંચાયતીરાજ અંગેની તવારીખ

1949 - સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતી ધારાની જોગવાઈ

1952 - 2 જી ઓક્ટોબરથી સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત

1957 - બળવંતરાય મહેતા સમિતિએ 24-11-1957ના રોજ ત્રિસ્તરીય પંચાયતની રાજની ભલામણ કરતો અહેવાલ સુપરત કર્યો.

1958 - 1 લી નવેમ્બરના રોજ મદ્રાસ, આસામ

અને મૈસૂરે પંચાયતીરાજના કાયદા ઘડયા.

1959 - તા. 2-10-1959ના રોજ રાજસ્થાનના નાગોર જિલ્લામાં પંડિત જવાહરલાલ નહેરુએ ત્રિસ્તરીય પંચાયતીરાજનું ઉદ્‌ઘાટન કર્યું.

1959 - આંધ્રપ્રદેશમાં પંચાયતીરાજની શરૂઆત

1960 - 2 જી ઓક્ટોબર, 1960ના રોજ ઓરિસ્સા, પંજાબ અને ઉત્તરપ્રદેશમાં પંચાયતીરાજ માટે 15 સભ્યોની સમિતિ રચાઈ. સમિતિએ અહેવાલ 21-12-1960ના રોજ સુપરત કર્યો.

1961 - ગુજરાત પંચાયત અધિનિયમ - 1961ની રચના કરાઈ

1961 - મહારાષ્ટ્રમાં પંચાયતરાજની સ્થાપના

1962 - મધ્યપ્રદેશમાં પંચાયતરાજની શરૂઆત

1963 - પહેલી એપ્રિલથી ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતીરાજની શરૂઆત

1963 - પ. બંગાળમાં પંચાયતી રાજની શરૂઆત

1968 - હિમાચલ પ્રદેશમાં પંચાયતી રાજની શરૂઆત

1972 - તા. 12 - 4 - 1972ના ગુજરાતમાં ઝીણાભાઈ દરજી સમિતિની રચના તા. 30-9-1972ના રોજ સમિતિએ અહેવાલ સુપરત કર્યો.

1977 - જનતા પક્ષની સરકારે તા.12-12-1977ના રોજ અશોક મહેતાની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી. સમિતિ તા.21-8-1978ના રોજ અહેવાલ સુપરત કર્યો. સમિતિએ દ્વિસ્તરીય પંચાયતીરાજ સહિતની 132 ભલામણો કરી.

1977 - 78 તા. 23-5-1977ના રોજ ગુજરાતમાં રિખવદાસ શાહ સમિતિની રચના કરાઈ તા. 18-7-1978 ના રોજ સમિતિએ અહેવાલ સુપરત કર્યો, પરંતુ તેના પર કોઈ પગલાં ન લેવાયાં.

1983 - કર્ણાટકે નવો પંચાયત ધારો પસાર કર્યો, જે 14-8-1985 થી અમલમાં આવ્યો.

1985 - જી. વી. કે. રાવ સમિતિની રચના થઈ.

1986 - ડૉ. એલ. એમ. સિંઘવીની અધ્યક્ષતામાં સમિતિ રચાઈ, સમિતિએ પંચાયતીરાજને બંધારણીય દરજ્જો આપવાની ભલામણ કરી.

1986 - સિંઘવી સમિતિની ભલામણ મુજબ 10 ઓગસ્ટના રોજ વડાપ્રધાન શ્રી રાજીવગાંધીએ 64મો બંધારણીય સુધારો લોકસભામાં પસાર કરાવ્યો.

1986 - આંધ્રપ્રદેશે પશ્ચિમ બંગાળ અને કર્ણાટકના પંચાયતી ધારાનું અનુસરણ કર્યું.

1988 - બંધારણીય સુધારણાની વિચારણા માટે પી. કે. થુંગનની અધ્યક્ષતામાં પેટા સમિતિની રચના કરાઈ.

1989 - પંચાયતી રાજ અંગેનો રાજીવ ગાંધી સરકારે પસાર કરાવેલો 64મો બંધારણી સુધારો રાજ્યસભાએ 15 ઓક્ટોબરના રોજ નામંજૂર કર્યો.

1990 - પ્રધાનમંત્રી વી. પી. સિંહની જનતાદળ સરકારે 72મો સુધારા વિધેયક 7 સપ્ટેમ્બરના રોજ સંસદમાં રજૂ કર્યું, પરંતુ સુધારો પસાર થયા તે પહેલાં લોકસભાનું વિસર્જન થયું.

1991 - શ્રી પી. વી. નરસિંહરાવ સરકારે 72મો સુધારા વિધેયક (પંચાયતો માટે) અને 73મો સુધારક વિધેયક (નગરપાલિકાઓ) સંસદમાં રજૂ કર્યું.

1992 - લોકસભાએ 22 ડિસેમ્બરે અને રાજ્યસભાએ 23 ડિસેમ્બરે બન્ને વિધેયકો પસાર કર્યા.

1993 - પંચાયતો માટેનો 73મો બંધારણીય સુધારો 24 એપ્રિલથી અને નગરપાલિકાઓ માટેનો 74મો બંધારણીય સુધારો 1 લી જૂનથી અમલમાં આવ્યો.

1993 - ગુજરાત પંચાયત ધારો તા. 17-8-1993ના રોજ વિધાનસભામાં મૂકવામાં આવ્યો. તા, 19-8-1993ના રોજ મંજૂર કરવામાં આવ્યો અને તા. 15-4-1994 થી અમલમાં આવ્યો.

## પંચાયતી રાજ અંગેનાં વિવિધ નેતાઓનાં મંતવ્યો અને સમિતિઓ

1909માં કોંગ્રેસની લાહોર બેઠકમાં ઠરાવ કરવામાં

આવ્યો. "કોંગ્રેસ આતુરતાપૂર્વક આશા રાખે છે કે ગ્રામ પંચાયતથી માંડી ઉપરના સ્તર સુધીની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ચૂંટેલી હોય અને તેને પૂરતી નાણાકીય મદદથી ટેકો આપવા માટે સરકાર વહેલાસર પગલા લેશે"

1915માં ગાંધીજી દ. આફ્રિકાથી પરત આવ્યા તેના બીજા વર્ષે 1916માં પંચાયતી રાજ અંગે ભવિષ્યવાણી જેવા શબ્દો ઉચ્ચાર્યા હતા : "ગામડાથી સ્વચ્છતા વગેરે પ્રશ્નો ઘણા સમય પહેલાં ઉકેલી શક્યા હોત, ગ્રામ પંચાયતો હવે વિશિષ્ટ રીતે જાગૃતબળ બની રહેશે અને ભારત લગભગ તેની જરૂરિયાત મુજબનું સ્વશાસન ભોગવતું થઇ જશે."

જૂન-1942માં ગાંધીજીએ અમેરિકન પત્રકાર શ્રી લુઇ ફીશરને ભારતમાં દિલ્હી, મુબઈ અને કલકતા જેવા સ્થળોએ રહેલી સત્તાને ભારતનાં સાત લાખ ગામડામાં વહેચી દેવાની વાત કરી હતા.

પંચાયતો અંગે વિનોબા ભાવેએ 1954માં પંચમુખી કાર્યક્રમ આપ્યો.

દરેક પંચાયત ગ્રામજનોને નવા વિચારો દેશ અને દુનિયાથી વાકેફ રાખવા અભ્યાસવર્તુળની રચના કરે. અભ્યાસવર્તુળમાં ગાંધી વિચાર અને સર્વોદય સાહિત્યને પ્રાધાન્ય અપાય.

ઉત્પાદન વધારવાના કામને પંચાયતોએ પોતાની પ્રાથમિક જવાબદારી ગણવી, ઉત્પાદન વધારી ગામડામાંથી બેકારી દૂર કરીને ગામનોકોને વિકાસકાર્યમાં સામેલ કરવા.

પંચાયતોએ પોતાના વિસ્તારમાં કોઈ વ્યક્તિ બેકાર કે ભૂખી ન રહે તે જવાબદારી નિભાવવી.

બધા જ ઉત્પાદન માટે જમીન અનિવાર્ય હોવાથી ગામની જમીન તમામને વહેચી દેવી જોઈએ, જમીનની માલિકી ગામની હોવી જોઈએ અને જમીન વિનાનો કોઈ રહેવો જોઈએ નહિ.

પંચાયતની ખરી સત્તા લોકોનો ટેકો હોવાથી પંચાયતે લોકોની ઈચ્છાને અનુસરવું જોઈએ અને તેના નિયંત્રણમાં રહેવું જોઈએ. સરકારી માન્યતાની તેણે દરકાર રાખવી જોઈએ નહિ. લોકોએ પોતાના બળ પર આધાર રાખીને આગળ વધવું જોઈએ.

## ⏩ પંચાયતી રાજ અંગેની કેટલીક મહત્વની સમિતિઓ :

**(1) બળવંતરાય મહેતા સમિતિ :** કેન્દ્ર સરકારે બળવંતરાય મહેતાની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિએ પોતાનો અહેવાલ 24-11-1957ના રોજ સુપરત કર્યો. અહેવાલની મુખ્ય ભલામણો નીચે મુજબ હતી.

(1) ગ્રામકક્ષાથી જિલ્લાકક્ષા સુધી એકબીજાને સાંકળી ત્રણ સ્તરની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સ્થાપના કરવી.

(2) ગ્રામ વિકાસની તમામ યોજનાઓનો વહીવટ પંચાયતોને સોંપવો અને 100 ટકા ખર્ચ આપવું.

(3) રાજ્ય સરકારના અધિકારોને - નાણાં પંચાયતોના હવાલે મૂકવાં.

(4) જમીન મહેસૂલની આવક અને અન્ય ઉપજો પંચાયતોને સ્વભંડોળ માટે આપવી.

(5) પંચાયતોને કરવેરા નાંખવા તેમજ વસૂલ કરવાની સત્તા આપવી.

(6) સરકાર દ્વારા કેટલાંક નિયંત્રણો મૂકવાં.

(7) ગ્રામ પંચાયતોનું વિઘટન કરતાં પહેલાં જિલ્લા પંચાયતનો અભિપ્રાય લેવો.

(8) યોજનાઓ સાથે કામ કરતા અધિકારી, કર્મચારીઓને પંચાયતતંત્ર નીચે મૂકવા.

**(2) જનતાદળ સરકારે 1977માં નીમેલ અશોક મહેતા સમિતિની ભલામણો નીચે મુજબ છે.**

(1) બંધારણમાં ફેરફાર કરીને સ્થાનિક સ્વરાજની સંસ્થાને બંધારણીય દરજ્જો આપવો.

(2) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી નિયમિત સમયાંતરે કરવી.

(3) પંચાયતી રાજ ત્રિસ્તરીયને બદલે દ્વિસ્તરીય કરવું. એક ગ્રામ્યસ્તરે અને બીજું જિલ્લાસ્તરે

(4) જિલ્લા પરિષદની રચના સીધી ચૂંટણીથી થવી જોઈએ અને તેનો અધ્યક્ષ બિન-સરકારી વ્યક્તિ હોવી જોઈએ.

(5) પંચાયતોને સુપરસીજ કરવાની રાજ્યોની સત્તા મર્યાદિત કરી, છ મહિનાની અંદર નવેસરની ચૂંટણી કરાવવી જોઈએ એટલું જ નહીં સુપરસૂડનાં પગલાં અંગે વિધાનસભાને વિશ્વાસમાં લેવી.

(6) ન્યાય પંચાયતનું નવનિર્માણ કરવું.

(7) સામાજિક ઓડિટની વ્યવસ્થા કરવી.

**(3) ઝીણાભાઈ દરજી સમિતિ :** ગુજરાત સરકારે તા. 12-4-1972ના રોજ ઝીણાભાઈ દરજીની અધ્યક્ષતામાં સમિતિ રચી હતી, જેનો અહેવાલ 30-9-1972ના રોજ સુપરત કરવામાં આવ્યો. સમિતિની મુખ્ય ભલામણો નીચે મજબ હતી.

(1) ત્રણે સ્તરની પંચાયતો માટે સીધી ચૂંટણી.

(2) મહિલાઓ માટે ઓછામાં ઓછી બે બેઠકો.

(3) અનુજાતિ અને અનુ.જન જાતિ માટે ઓછામાં ઓછી એક અનામત બેઠક.

(4) સરપંચની ચૂંટણી સીધા મતદારો દ્વારા.

(5) ત્રણે સ્તરની પંચાયતોમાં સામાજિક ન્યાય સમિતિ ફરજિયાત બનાવવી.

(6) ગ્રામ પંચાયતોની આવક માટે કરવેરા-ઉપરની વધુ જોગવાઈ.

(7) ગ્રામસભા પર વધુ ભાર.

(8) ગ્રામ પંચાયત સિવાય તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પક્ષીય ધોરણે ચૂંટણી.

(9) બેવડા સભ્યપદ પર નિયંત્રણ મૂકવું.

(10) ન્યાય પંચાયતો અને સમાધાન પંચની રચનામાં ફેરફારો કરવા.

**(4) રિખવદાસ શાહ સમિતિ :** મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી રિખવદાસ શાહની અધ્યક્ષતામાં તા. 23-5-1977ના રોજ એક સમિતિ રચવામાં આવી હતી. સમિતિએ તેનો અહેવાલ 18-7-1978ના રોજ આપ્યો. તેમના અહેવાલની મુખ્ય ભલામણો નીચે મુજબની હતી.

(1) ગ્રામ પંચાયત સ્તરે બિન હરીફ ચૂંટણીને પ્રોત્સાહન આપવા ગ્રાન્ટ આપવી.

(2) ગ્રામસભા પર વધુ ભાર આપવો.

(3) પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાની ભલામણ.

(4) પંચાયતોને વધારે અધિકારો અને સાધનો તબદીલ કરવાની ભલામણ.

(5) ગામડામાં થતાં દબામો પંચાયત પોતાની મેળે દૂર કરાવે.

## ⏩ પંચાયતી રાજના ઉદ્દેશ્યો, સિદ્ધિઓ અને મર્યાદાઓ

**(1) સત્તાનું વિકેન્દ્રીકરણ :** પંચાયતી ધારામાં 29 વિષયો પંચાયતોના વહીવટ હેઠળ મૂકવામાં આવ્યા છે આને પરિણામે કેટલીક મહત્ત્વની બાબતોમાં સ્થાનિક લોકો રસ લેતા થયા છે અને સત્તાનું વિકેન્દ્રીકરણ શક્ય બન્યું છે.

**(2) લોકશાહીની પદ્ધતિની તાલીમ :** ત્રણેય સ્તરની પંચાયતોમાં પંચાયતોની બેઠક, સમિતિઓની બેઠક, ગામસભા વગેરે કાર્યવાહીમાં પંચાયતો લોકોને લોકશાહીની પદ્ધતિસરની તાલીમ પૂરી પાડે છે.

**(3) લોકનેતાગીરીનું ઘડતર :** લોકશાહીને સંગીન બનાવવા માટે સ્થાનિક સ્તરે પંચાયતો લોકનેતાગીરીને તાલીમ અને ઘડતર આપવાનું કામ કરે છે.

**(4) લોક જાગૃતિને પ્રોત્સાહન :** લોકો પ્રશાસનમાં રસ લેતા નથી, સ્થાનિક પ્રશ્નોની રજૂઆત પંચાયતના હોદ્દેદારો સમક્ષ રજૂ કરે, પંચાયતી ભૂનિકા, સમરસ ગ્રામપંચાયત વગેરેને લીધે લોકોમાં લોક જાગૃતિનો સંચાર થાય છે.

**(5) પછાત વર્ગોનો ઉત્કર્ષ :** પંચાયતના ત્રણેય સ્તરે સામાજિક ન્યાય સમિતિને ફરજિયાત બનાવી સમાજના નબળા વર્ગના લોકોને સામાજિક ન્યાય મળે તે પંચાયતનો મહત્ત્વનો ઉદ્દેશ્ય છે.

**(6) મહિલા સશક્તિકરણને વેગ :**

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

પંચાયતના ત્રણેય સ્તરે પંચાયતોમાં 1/3 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે, તેમજ રોટેશન પ્રમાણે મહિલા પ્રમુખની જોગવાઈ પણ કરવામાં આવેલ છે, તેને પરિણામે મહિલા સશક્તિકરણની ભાવનાને બળ મળે છે.

(7) **પંચ ત્યાં પરમેશ્વરની ભાવના :** અગાઉ ગામડામાં આવી ભાવના હતી, પંચાયત રાજ પણ આવી ભાવનાની અપેક્ષા રાખે છે કે ચૂંટાયેલા સદસ્યો પ્રામાણિકતાથી પોતાનું કર્તવ્ય બજાવે.

(8) **સ્વરાજ અને સ્વશાસન માટે પાયાના એકમ તરીકે :** સ્વરાજ અને સ્વશાસન લોકશાહીનો પાયાનો ઉદ્દેશ્ય છે, સ્થાનિક સ્તરે લોકો પોતાની સમસ્યાનું નિરાકરણ પોતાની રીતે, સ્વવિકાસ અને સામુદાયિક વિકાસ માટે પંચાયતી રાજ સ્વશાસનના પાયાના એકમ તરીકે મહત્વની ભૂમિકા ભજવે છે.

(9) **લોકભાગીદારી અને સામૂહિક કાર્યોમાં પહેલ કરવાની શક્તિ :** ગ્રામ સ્તરે વિભિન્ન પ્રાથમિક સુવિધાઓ જેવી કે શાળા, પીવાનું પાણી, રસ્તા, બાલવાડી, આંગણવાડી વગેરે પ્રજાની પાયાની જરૂરિયાતો હોઈ લોકો તેમાં લોકભાગીદારી-નાણાંકીય કે અન્ય રીતે મદદરૂપ થવાની ભાવના ધરાવે છે. લોકફાળો તેમજ દાતાઓ આ સુવિધાઓ માટે આગળ આવે છે. પંચાયતને લીધે સામુદાયિક કાર્યોમાં પહેલ કરવાની શુભવૃત્તિને પ્રોત્સાહન મળે છે.

(10) **પંચાયતી રાજ રાજતંત્રનો ભાગ બને :** રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ઘણી બધી કલ્યાણકારી યોજનાઓ જેવી કે રસીકરણ, પ્રાથમિક શિક્ષણ, કૃષિ અને સહકારી પ્રવૃત્તિ, બાલવિકાસ અને મહિલા કલ્યાણ, કુટુંબ નિયોજન વગેરેના અમલીકરણમાં પંચાયતોનો ફાળો બહુ મોટો છે.

## ▶▶ પંચાયતી રાજની મર્યાદાઓ :

(1) ગ્રામપંચાયતની ચૂંટણીમાં રાજકીય નેતાઓ રાજકારણ ઘુસાડીને ગામનું વાતાવરણ ઘણીવાર ડહોળાઈ રહે છે.

(2) પંચાયતની મિલકત પર માથાભારે લોકોએ કરેલ દબાણ, મતોના રાજકારણને લીધે ઘણીવાર દૂર કરવામાં આવતું નથી.

(3) ગ્રામ્યસ્તરે સામાજિક ન્યાય સમિતિએ મોટેભાગે અસરકારક ભૂમિકા ભજવી શકતી નથી.

(4) મહિલા સરપંચમાં ઘણીવાર પંચાયતનો વહીવટ ‘સરપંચપતિ’ દ્વારા થતો હોય છે.

(5) પંચાયતી ધારો - 1993 અગાઉની કેટલીક જોગવાઈઓમાં જરૂરી ફેરફારો કરવાની દરકાર આજ સુધી સરકાર પક્ષે રાખવામાં આવી નથી.

(6) પંચાયતી ધારામાં 29 વિષયો પંચાયતના વહીવટ હેઠળ મૂકેલ છે. પરંતુ સરકારે હજુ કેટલીક બાબતોનો વહીવટ પોતાના હસ્તક રાખ્યો છે.

(7) નિયમિત તલાટી બધાં ગામોમાં નહીં હોવાથી મોટાભાગની પંચાયતો વેરા વસૂલાતની કામગીરીમાં નબળી પુરવાર થઈ છે.

## 2. પંચાયતી રાજને બંધારણીય દરજ્જો

73 મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે.

તા. 27-11-1986ના રોજ એલ.એમ.સીંઘવી સમિતિએ પંચાયતી રાજને બંધારણમાં સ્થાન આપવાનું સૂચવ્યું હતું. તા. 15-5-1989ના રોજ લોકસભામાં 64 બંધારણીય સુધારો રજૂ કર્યો, પરંતુ તા. 15-10-1989ના રોજ રાજ્યસભાએ તેને નામંજૂર કર્યો.

ભૂ.પૂ. વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવા સક્રિય રસ લીધો. તેમણે દેશની તમામ પંચાયતોના

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સરપંચોને તેમનો અભિપ્રાય જાણવા પત્રો લખ્યા હતા, દરેક રાજ્યોમાં સંમેલનો ભર્યા હતાં. છેવટે તા. 22-12-1992ના રોજ લોકસભાએ અને 23-12-1992ના રોજ રાજ્યસભાએ 73મો બંધારણીય સુધારો પસાર કર્યો. ભારતના બંધારણમાં કલમ - 243, 243 ક થી કલમ - 243 દ ઉમેરવામાં આવી, કલમ-280 માં સુધારો કર્યો અને 11 મી અનુસૂતિ ઉમેરવામાં આવી પંચાયત ધારાની જોગવાઈ બંધારણના આઠમા ભાગમાં પછી નવમા ભાગ તરીકે દાખલ કરવામાં આવ્યો.

ગુજરાતમાં ગુજરાત પંચાયતી અધિનિયમ-1961માં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા અને ગુજરાત પંચાયત અધિનિયમ-1993 તારીખ 15-4-1994 થી અમલમાં આવ્યો.

## ⏩ બંધારણમાં પંચાયતી રાજ અંગેની જોગવાઈ :

## કલમ-40

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર કલમ 40 પ્રમાણે "ગ્રામ પંચાયતોની રચના કરવા રાજ્ય પગલાં લેશે અને સ્વરાજના એકમો તરીકે કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે."

## કલમ-243

ગ્રામ પંચાયત મધ્યવર્તી પંચાયત અને જિલ્લા પંચાયતની વ્યાખ્યા અને પંચાયતનો વિસ્તાર

243 - ક ગ્રામસભાની જોગવાઈ

243 - ખ (1) દરેક રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની રચના

243 - ખ (2) વીસ લાખથી ઓછી વસતિવાળાં રાજ્યોમાં મધ્યવર્તી પંચાયતી રાજની રચના કરી શકશે નહિ.

243 - ગ – પંચાયતોની સંરચના

243 - ઘ પંચાયતોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમજ મહિલાઓ માટે અનામત બેઠકોની જોગવાઈ.

243 - ચ પંચાયતોની મુદત - પંચાયતની પહેલી બેઠકથી પાંચ વર્ષની તેથી વધુ નહિ

243 - છ - સભ્યપદની ગેરલાયકાત

243 - જ - પંચાયતોની સત્તાઓ, અધિકાર અને જવાબદારીઓ

243 - ઝ પંચાયતોના ભંડોળ અને કર નાંખવાની બાબત

243 - ટ રાજ્યપાલ દ્વારા નાણાકીય જોગવાઈ માટે નાણાંપંચ અંગેની ભલામણ

243 - ઠ પંચાયતના હિસાબોનું ઓડિટ - રાજ્ય વિધાનસભા તે માટે જોગવાઈ કરશે.

243 - ડ - પંચાયતોની ચૂંટણી

243 - ઢ સંઘ રાજ્ય ક્ષેત્રોને લાગું પાડવા બાબત

243 - ત આ ધારો અમુક વિસ્તારો લાગું નહી પાડવા અંગે (નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ તેમજ મણિપુરના પર્વતીય વિસ્તારો જ્યાં ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ છે અને પં.બંગાળના દાર્જિલિંગ જિલ્લાને)

243 - થ પ્રવર્તમાન ધારો ચાલુ રાખવા અને પંચાયત ધારો

243 - દ ચૂંટણી સંબંધી ન્યાયાલયની દરમિયાનગીરી

અનુચ્છેદ - 280 ના ખંડ-3ના પેટા ખેડ (ખ) પછી ઉમેરો

(ખખ) રાજ્યના નાણાંપંચે કરેલી ભલામણોના આધારે રાજ્યની પંચાયતોની આવકને પૂરક બનાવવા રાજ્યના એકત્રિત ભંડોળ વધારવા જરૂરી હોય તેવા પગલાં.

## ⏩ 11 મી અનુસૂચિ ઉમેરવા બાબત

⏩ **11 મી અનુસૂચિ (અનુચ્છેદ-243-જી)**

⏩ **પંચાયતોના વહીવટ હેઠળ આવરી લેવાયેલ વિષયો :** હાલમાં પંચાયતોના વહીવટ હેઠળ 29 વિષયોને સમાવવામાં આવ્યા છે. (1) ખેતી, કૃષિ વિકાસ સહિત (2) જમીન વિકાસ, જમીન સુધારણા અને ભૂમિ સંરક્ષણ (3) માયનોર સિંચાઈ અને વોટરશેડ વિકાસ (4) પ્રાણી સંવર્ધન ડેરી અને મરઘાં ઉછેર (5) મત્સ્યોદ્યોગ (6)

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સામાજિક સંવર્ધન અને ખેતી સંવર્ધન (7) માયનોર વન ઉત્પાદન (8) નાના પાયાના ઉદ્યોગો, ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રિઝ સહિત (9) ખાદી ગ્રામ્ય અને કુટિર ઉદ્યોગો (10) ગ્રામીણ રહેઠાણ (11) પીવાનું પાણી (12) બળતણ અને ઘાસચારો (13) માર્ગો, પુલ, ઓવારા અને જળમાર્ગો (14) ગ્રામ્ય વીજકરણ, વીજ વિતરણ સહિત (15) બિન પરંપરાગત ઊર્જા સ્રોત (16) ટેકનિકલ તાલીમ અને વોકેશનલ શિક્ષણ (17) પ્રૌઢ અને ઔપચારિક શિક્ષણ (18) ગ્રંથાલયો (19) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (20) બજાર અને મેળા (21) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, દવાખાનાં, આરોગ્ય અને સેનિટેશન વ્યવસ્થા (22) કુટુંબ કલ્યાણ (23) મહિલા અને બાળ વિકાસ (24) અપંગ અને માનસિક મંદતા ધરાવનારા લોકોનું કલ્યાણ સહિત સામાજિક કલ્યાણ (25) નબળા વર્ગોનું કલ્યાણ ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ (26) જાહેર વિતરણ પ્રણાલી (27) ધાર્મિક અસ્ક્યામતોનો નિભાવ.

**નોંધ :** 27 બાબતો પૈકી (ગુજરાત) રાજ્ય સરકારે 15 બાબતોની સોંપણી પંચાયતોને કરી છે, 5 બાબતો અંશતઃ સોંપવાની બાકી છે અને 10 બાબતો સરકારે પંચાયતોને સોંપી નથી.

## ▶▶ 73માં બંધારણીય સુધારણાની મુખ્ય જોગવાઈઓ :

(1) વીસ લાખ કે વધુ વસતિ ધરાવતાં તમામ રાજ્યોમાં ત્રિસ્તરીય માળખું.

(2) ગ્રામ્ય સ્તરે ગ્રામસભાની જોગવાઈ

(3) દરેક સ્તરે સભ્યોની સીધી ચૂંટણી

(4) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના અધ્યક્ષોની ચૂંટાયેલા સદસ્યો દ્વારા ચૂંટણી.

(5) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના લોકો માટે વસતિના પ્રમાણમાં અનામત બેઠકોની જોગવાઈ

(6) દરેક સ્તરે સ્ત્રીઓ માટે 1/3 બેઠકો અનામત

(7) પંચાયતના અધ્યક્ષપદો માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના લોકો માટે વસતિના પ્રમાણમાં અને મહિલાઓ માટે ત્રીજા ભાગના હોદ્દાઓ અનામત

(8) બધા જ પ્રકારની અનામત બેઠકો અને હોદ્દાઓ વારાફરતી ફરતા રહે.

(9) ત્રણે સ્તરે સામાજિક ન્યાય સમિતિની રચના

(10) પંચાયતોની મુદત પાંચ વર્ષની અને મુદત પૂરી થવાની હોય તે પહેલાં નવી પંચાયતની ચૂંટણી

(11) વિસર્જત પંચાયતોની ચૂંટણી છ મહિનામાં અવશ્ય કરવી અને આવી નવી પંચાયતની મુદત વિસર્જત પંચાયતની બાકી રહેલી મુદત પૂરતી જ રહેશે.

(12) પંચાયતોને સત્તા સોંપવા માટે તેમને સોંપાયેલ વિષયોની યાદી બંધારણની 11મી અનુસૂચિમાં સામેલ કરાઈ.

(13) પંચાયતોને કર, ફી, નાંખવાની સત્તા.

(14) આર્થિક સહાય માટે દર પાંચ વર્ષે નાણાં પંચની જોગવાઈ કરવી.

(15) પંચાયતની ત્રણે સ્તરની ચૂંટણીનું સંચાલન રાજ્ય ચૂંટણીપંચ કરશે.

(16) પંચાયતોના હિસાબ અને તેના ઓડિટ અંગેની જોગવાઈ વિધાનસભા કાયદો ઘડીને કરાવશે.

(17) દરેક પંચાયતની મુદત તેની પહેલી બેઠકની તારીખથી પાંચ વર્ષની ગણાશે.

(18) આ ધારાની જોગવાઈઓ નાગાલેંડ, મેઘાલય અને મિઝોરમ રાજ્યોને તેમજ મણિપુર રાજ્યના ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ ધરાવતા પર્વતીય વિસ્તારો અને પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લાને લાગું પડશે નહિ.

(19) દરેક સ્તરે મતાધિકાર 18 વર્ષે છે પરંતુ સભ્યપદની ચૂંટણી માટે 21 વર્ષની છે.

(20) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે 10 ટકા અનામત બેઠકો.

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

(21) ગ્રામસભાને વધુ સંગીન બનાવવા માટે વિધાનસભા કાયદાથી વધારે અધિકારો આપશે.

## ▶ વિભિન્ન રાજ્યોમાં પંચાયતની જોગવાઈઓ :

(1) આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, તમિલનાડુ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને મણિપુરમાં સરપંચની સીધી મતદારો દ્વારા ચૂંટણી થાય છે.

(2) ગોવા, કર્ણાટક, કેરાલા, મહારાષ્ટ્ર, ત્રિપુરા, સિક્કિમ અને પશ્ચિમ બંગાળમાં સરપંચની ચૂંટણી પંચાયતના ચૂંટાયેલા સદસ્યો કરે છે.

(3) પંચાયતી રાજનું સૌથી નીચેનું સ્તર જુદા જુદા રાજ્યોમાં જુદા-જુદા નામથી ઓળખાય છે.

▶ **ગ્રામપંચાયત** - આંધ્રપ્રદેશ, કર્ણાટક, બિહાર, ઓરિસ્સા, ત્રિપુરા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, સિક્કિમ, હરિયાણા, મણિપુર, પશ્ચિમ બંગાળ, પંજાબ, અરુણાચલ પ્રદેશ, ગોવા, રાજસ્થાન, ચંદીગઢ અને આંદોમાન અને નિકોબાર.

▶ **વિલેજ પંચાયત** - કેરાલા, તમિલનાડુ, દાદરાનગર હવેલી, દીવ-દમણ, લક્ષદ્વીપ અને પુડુચેરી

▶ **ગ્રામ પંચાયત** - ગુજરાત

▶ **ગાંવ પંચાયત** - આસામ, ઉત્તર પ્રદેશ

(4) જુદા જુદા રાજ્યોમાં ગ્રામ પંચાયતના વડા અલગ અલગ નામથી ઓળખાય છે.

સરપંચ - આંધ્રપ્રદેશ, ગુજરાત, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, ચંદીગઢ

પ્રમુખ - કેરાલા, આસામ, તમિલનાડુ

અધ્યક્ષ - કર્ણાટક

મુખીયા - બિહાર

પ્રધાન - ત્રિપુરા, મણિપુર, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, આંદોમાન નિકોબાર.

સભાપતિ - સિક્કિમ

ચેર પરસન - અરુણાચલ પ્રદેશ

(5) **વિભિન્ન રાજ્યોમાં પંચાયતનાં સ્તર :**

ત્રણ સ્તર - આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, કેરાલા, મધ્યપ્રદેશ, મહારારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ચંદીગઢ.

બે સ્તર - ગોવા, મણિપુર, સિક્કિમ, આંદોમાન-નિકોબાર, દાદરા-નગરહવેલી, દમણ અને દીવ, લક્ષદ્વીપ, પંડુચેરી અને જમ્મુ-કાશ્મીર

અલગ પદ્ધતિ - નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ (આ બે રાજ્યોમાં પરંપરાગત કાઉન્સિલ હોય છે.)

(6) **ગ્રામપંચાયતની બેઠક અંગેની જોગવાઈ :** મહિનામાં એકવાર - ત્રિપુરા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, પંજાબ, ગુજરાત, પશ્ચિમબંગાળ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ

બે મહિનામાં એકવાર - કર્ણાટક, બિહાર, આસામ, ગોવા, મણિપુર, અરુણાચલ પ્રદેશ

એક મહિનામાં બે વાર - સિક્કિમ, હરિયાણા, રાજસ્થાન

કોઈ નિશ્ચિત સંખ્યા નહીં - ઓરિસ્સા, મહારાષ્ટ્ર, કેરાલા

▶ તમિલનાડુમાં જ્યારે પણ જરૂરી લાગે ત્યારે ગ્રામપંચાયતની મિટિંગ થઈ શકે છે પરંતુ કોઈપણ બે મીટિંગ વચ્ચે 60 દિવસ કરતાં વધુ ગાળો પસાર થયો ન જોઈએ.

## 3. ગ્રામ પંચાયતની રચના

### ▶ ગ્રામપંચાયત :

→ છેલ્લી વસતિગણતરી મુજબ 15000 સુધીની વસતિ ધરાવતાં ગામમાં ગ્રામપંચાયત રહેશે.

→ પંચાયતની સભ્યસંખ્યા 7 થી 15 રહેશે.

→ 3000 સુધી વસતિ ધરાવતા ગામમાં સભ્ય સંખ્યા 7ની રહેશે ત્યારબાદ વધુ દર એક હજાર અથવા તેના ભાગ માટે વધુ બે સભ્યોની સંખ્યા જિલ્લા કલેક્ટર નક્કી કરશે.

→ ગામ પંચાયતમાં સરપંચ, ઉપસરપંચ અને સભ્યો રહેશે.

→ સરપંચની ચૂંટણી સંબંધિત બોર્ડના લાયકાત ધરાવતા મતદારો દ્વારા સીધી ગુપ્ત મતદાનથી ચૂંટણી કરવામાં આવશે.

→ સદસ્યોની ચૂંટણી સંબંધિત બોર્ડના લાયકાત ધરાવતા મતદારો દ્વારા સીધી ગુપ્ત મતદાનથી ચૂંટણી કરવામાં આવશે.

→ ઉપસરપંચની ચૂંટણી સરપંચ અને ચૂંટાયેલા સદસ્યો દ્વારા કરવામાં આવશે.

## ▶▶ પંચાયતની મુદત અને ચૂંટણી

→ પંચાયતની મુદત પાંચ વર્ષની ગણાય છે, પંચાયતની પાંચ વર્ષની મુદત પૂરી થયાને કારણે થતી પુનર્રચના કરવા માટે કરવામાં આવતી ચૂંટણીની તારીખ સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં બે મહિના કરતાં વહેલી નહીં અને મુદત પૂરી થતાંથી પંદર દિવસ વધુ મોડી ન હોવી જોઈએ.

→ પંચાયતનું વિસર્જન કરવામાં આવે તો તેની ચૂંટણી છ મહિનાની અંદર કરી દેવાની હોય છે વિસર્જન પંચાયતની મુદત બાકી રહેલા સમય પૂરતી જ હોય છે.

→ પંચાયતની મુદત ગ્રામ પંચાયતની પ્રથમ બેઠક મળે ત્યારથી જ ગણાય છે બિનહરીફ ચૂંટાનાર સભ્ય પણ પંચાયતની પ્રથમ સભાની તારીખથી જ પંચાયતનો સદસ્ય ગણાય છે.

## ▶▶ પંચાયતમાં અનામત બેઠકો :

→ પંચાયતમાં દરેક સ્તરે મહિલાઓ માટે 1/3 બેઠકો અનામત રાખવામાં આવે છે.

→ અનુસૂચિત જાતિઓ અને અનુસૂતિચ જનજાતિઓ માટે વસતિના પ્રમાણમાં ગામપંચાયતમાં અનામત બેઠકો રાખવામાં આવે છે.

→ સામાજિક આર્થિક પછાત માટે 10% બેઠકો અનામત રાખવામાં આવે છે.

→ ગ્રામ પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી કલેક્ટર અને તાલુકા / જિલ્લા પંચાયત માટે બેઠકોની ફાળવણી વિકાસ કમિશનર કરે છે.

## ▶▶ પંચાયતની ચૂંટણી પ્રક્રિયા :

→ પંચાયતની ચૂંટણી માટે પંચાયતના સદસ્યો માટેનો વોર્ડ નક્કી કરીને જે તે વોર્ડની મતદાર મંડળની રચના કરવામાં આવે છે.

→ મતદાર યાદી પંચાયતની મુદત પૂરી થવાના બે મહિના પહેલાં તૈયાર કરવાની છે.

→ તૈયાર થયેલી મતદાર યાદીને યોગ્ય અધિકારી દ્વારા પ્રસિદ્ધ કરીને નિયત કરેલ સ્થળે મૂકવામાં આવે છે જેથી કરીને મતદાતા પોતાના નામ અંગે કોઈ ભૂલ કે મતદાર યાદીમાં નામ છે કે નહીં તે ચકાસી શકે.

→ મતદાર યાદીને પ્રસિદ્ધ અને તેની પ્રમાણિત નકલની યોગ્ય અધિકારી દ્વારા કસ્ટડી લેવી તે ચૂંટણી પ્રક્રિયાનું પ્રથમ સોપાન છે.

→ ચૂંટણી અધિકારીની નિમણૂક અને ચૂંટણીનું જાહેરનામુ પ્રગટ થાય છે, ઉમેદવારી પત્રકો નોંધવવાં, ચકાસવવાં, પાછાં ખેંચવાં, જરૂર જણાય તો ચૂંટણી યોજવી, મતગણતરી અને છેલ્લે ચૂંટાયેલ ઉમેદવારોની પ્રસિદ્ધિ સાથે ચૂંટણી પ્રક્રિયામાં પૂરી કરાય છે.

## ▶▶ મતદાર તરીકેની યોગ્યતા :

→ 18 વર્ષથી ઓછી નહીં તે ઉંમરની કોઈપણ વ્યક્તિ, સંબંધિ વોર્ડમાં રહેતી હોય તો મતદાર તરીકે નોંધાવા માટે હકદાર બને છે.

→ જો આવી વ્યક્તિ ભારતનો નાગરિક ન હોય, કોર્ટે તેને અસ્થિર મગજનો જાહેર કર્યો હોય અને ચૂંટણી સંબંધીના ભ્રષ્ટાચરણ

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

અને અન્ય ગુના હેઠળ મતદાર તરીકે ગેરલાયક ઠેરવવામાં આવેલ વ્યક્તિ મતદાર બની શકતો નથી.

## ⏩ સભ્ય કે સરપંચ તરીક કોણ ઉમેદવારી કરી શકે ?

→ ઉંમર 21 વર્ષ થી ઓછી ન હોય તેવી વ્યક્તિ.

→ પંચાયત યાદીમાં મતદાર તરીકે નામ હોવું જોઈએ.

## ⏩ કોણ ઉમેદવારી ન કરી શકે ?

→ પંચાયતના કર્મચારીઓના નાણાંકીય લેવડદેવડમાં હિત ધરાવતો હોય.

→ સરકારી અથવા પંચાયતના કર્મચારી ચૂંટણીમાં ઊભા રહી શકતા નથી.

→ તા. 4-8-2005 પછી બે કરતાં વધુ બાળકો ધરાવનાર વ્યક્તિ

→ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ પ્રમાણે કોઈપણ ગુના માટે બે વર્ષ કે તેથી વધુ સજા પામેલ વ્યક્તિ.

→ કોર્ટે કોઈ વ્યક્તિને અસ્થિર મગજની જાહેર કરી હોય.

→ જે વ્યક્તિને નાદાર ઠેરવવામાં આવેલ હોય અને તેમાંથી છુટકારો મેળવેલ ન હોય તેવી વ્યક્તિ.

→ નોટીસ આપ્યા પછી ત્રણ મહિનામાં પંચાયતનું લહેણું ભરવામાં ચૂક કરે તેવી વ્યક્તિ ચૂંટણી માટે ગેરલાયક ઠરે છે.

## ⏩ સરપંચની ચૂંટણી

→ સરપંચ અને સદસ્યોની ચૂંટણી ગુપ્ત મતદાનથી સીધી થાય છે.

→ ગ્રામપંચાયત ચૂંટણી પક્ષીય એટલે કે રાજકીય ધોરણે થતી નથી.

## ⏩ ઉપસરપંચની ચૂંટણી :

→ ઉપસરપંચની ચૂંટણી સરપંચ અને ચૂંટાયેલ સદસ્યો દ્વારા થાય છે.

→ સરપંચ અને સદસ્યોની ચૂંટણીના પરિણામ પછી વિજેતા ઉમેદવારોની યાદી જાહેર કર્યાના ચાર અઠવાડિયામાં પંચાયતની પ્રથમ બેઠક મળે છે.

→ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ તાલુકા વિકાસ અધિકારી નક્કી કરે છે.

→ પંચાયતની પ્રથમ બેઠકમાં ચૂંટાયેલા સરપંચ અધ્યક્ષ સ્થાન લેશે અને જો પોતે પ્રથમ બેઠકનું અધ્યક્ષ સ્તાન લેવા ન માંગતા હોય તો, યોગ્ય સત્તાધિકારી જે અધિકારીની નિમણૂક કરે તે સભાનું અધ્યક્ષસ્થાન લેશે.

→ સરપંચ પોતે પંચાયતનો સદસ્ય હોવાથી તે ઉપસરપંચની ચૂંટણીમાં મત આપી શકશે.

→ પંચાયતની પ્રથમ બેઠકમાં માત્ર ઉપસરપંચની ચૂંટણીમાં મત આપી શકશે.

→ પંચાયતની પ્રથમ બેઠકમાં માત્ર ઉપસરપંચની ચૂંટણીની જ કામગીરી થાય છે અન્ય કામગીરી થતી નથી.

→ જો ઉપસરપંચની ચૂંટણીમાં બે ઉમેદવારને સરખા મતો મળે તો ચિઠ્ઠી ઉપાડીને પસંદગી થઈ શકશે.

## ⏩ પંચાયતની મુદત

→ સરપંચ, ઉપસરપંચ અને પંચાયતના સદસ્યોની મુદત 5 વર્ષની રહેશે.

## ⏩ સભ્યો, સરપંચ અને ઉપસરપંચનું રાજીનામુ

→ પંચાયતનો સદસ્ય સરપંચને પોતાનું રાજીનામું આપીને છૂટો થઈ શકે છે, રાજીનામું મળે તે તારીખથી મંજૂર થયેલું ગણાય છે, તેથા રાજીનામું પાછું ખેંચવાનો સવાલ ઊભો થતો નથી.

→ ઉપસરપંચ પંચાયતને લેખિતમાં રાજીનામું આપીને હોદ્દા પરથી દૂર થઈ શકશે, પરંતુ પંચાયત રાજીનામું સ્વીકારે નહીં ત્યાં સુધા અમલમાં આવશે નહીં.

→ સરપંચ પોતાનું લેખિત રાજીનામું તાલુકા પંચાયતને સોંપે છે, જ્યાં સુધી તાલુકા પંચાયત રાજીનામું મંજૂર કરે નહીં ત્યાં સુધી રાજીનામું અમલમાં આવશે નહીં.

→ સરપંચ અને ઉપસરપંચ જો તેમનાં રાજીનામાં

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સ્વીકાર્યાં ન હોય તો લેખિત વિનંતી કરીને રાજીનામાં પરત ખેંચી શકે છે.

→ ઉપસરપંચ અને સભ્યના રાજીનામા અંગેની તકરારનો નિર્ણય તાલુકા વિકાસ અધિકારી અને સરપંચના રાજીનામાનો નિર્ણય નાયબ જિલ્લા વિકાસ અધિકારી કરે છે.

## ⏩ સરપંચ અને ઉપસરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ

→ પંચાયતના કુલ સભ્યોના 50 ટકા સભ્યોના ટેકાથી કોઈપણ સદસ્ય નિયત ફોર્મમાં અવિશ્વાસની દરખાસ્ત લાવી શકશે.

→ જો સરપંચ અથવા ઉપસરપંચ વિરુદ્ધની દરખાસ્ત પંચાયતના બે તૃતીયાંશ સભ્યોની બહુમતીથી પસાર કરવામાં તો સરપંચ અથવા ઉપસરપંચ ઠરાવ પસાર કર્યાની તારીખથી ત્રણ દિવસ હોદ્દો ધરાવતો બંધ થશે.

→ અવિશ્વાસની દરખાસ્ત માટે નોટિસ પંચાયતને જે તારીખે મળી હોય તે તારીખથી 15 દિવસમાં પંચાયતની બેઠક બોલાવવાની રહેશે.

→ આવી બેઠકમાં સરપંચ કે ઉપસરપંચ હાજર રહી શકશે, મત આપી શકશે પણ જેના વિરુદ્ધમાં પ્રસ્તાન હોય તે અધ્યક્ષસ્થાને રહી શકશે નહિ.

→ જો સરપંચ આવી બેઠક ન બોલાવે તો પંચાયત મંત્રી તાલુકા વિકાસ અધિકારીને રિપોર્ટ કરશે તાલુકા અધિકારી રિપોર્ટ મળ્યાની તારીખથી 15 દિવસમાં આવી બેઠક બોલાવશે.

## ⏩ પંચાયતની બેઠક

→ પંચાયતની મીટિંગ દર મહિને એક વાર મળે છે, જો 1/3 સભ્યો લેખિતમાં વિનંતી કરે તો ખાસ મીટિંગ બોલાવવી પડે.

→ મીટિંગનું સ્થળ, સમય સરપંચ નક્કી કરે છે.

→ પંચાયત સભામાં સરપંચ અધ્યક્ષસ્થાને હોય છે, તેમની ગેરહાજરીમાં ઉપસરપંચ.

→ પંચાયત મંત્રી સભ્યોને સભાના પાંચ દિવસ પહેલાં મીટિંગની જાણ કરશે, ખાસ મિટીંગમાં ત્રણ દિવસ પહેલાં જાણ કરશે.

→ મીટિંગમાં સરપંચ કે ઉપસરપંચ અને હાજર ન થાય તો, ત્રીસ મીનિટ રાહ જોવા પછી હાજર સભ્યોમાંથી એક તે પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવશે.

→ ગણપૂર્તિ માટે સરપંચ અને ઉપસરપંચ સહિતના પંચાયતના 1/3 સભ્ય સંખ્યા જરૂરી ગણાશે.

→ સભામાં પ્રશ્ન પૂછવા માટે સભ્યો સરપંચને સાત દિવસ પહેલાં લેખિતમાં નોટીસ આપવાની રહેશે.

→ સભામાં પંચાયત મંત્રી સેક્રેટરી રહેશે અને દરેક મીટિંગની દરેક મિનિટસની નોંધ નિયત ચોપડામાં કરશે.

→ પંચાયતની સમિતિઓની બેઠક દર ત્રણ મહિને મળશે.

## ⏩ ગ્રામસભા

→ ગ્રામસભા એ પંચાયતી રાજ સંસ્થાઓનું બુનિયાદી એકમ છે.

→ સૌરાષ્ટ્ર રાજ્યમાં પ્રથમ મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબરે ગ્રામસભાને પંચાયતી રાજની ગંગોત્રી તરીકે ઓળખાવી છે.

→ "ગ્રામપંચાયત અને ગ્રામસભા વચ્ચે મંત્રીમંડળ અને ધારાસભા ગૃહ જેવો સંબંધ હોવો જોઈએ" - જયપ્રકાશ નારાયણ

→ બંધારણની કલમ 243 (ખ) માં ગ્રામસભાની વ્યાખ્યા આપવામાં આવી છે - "ગ્રામસભા એટલે ગ્રામ્યસ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલ વ્યક્તિઓનું બનેલું મંડળ."

→ મતદારયાદીમાં નામ ધરાવનાર પ્રત્યેક સભ્ય ગ્રામસભાનો સભ્ય છે.

→ ગ્રામસભા દર વર્ષે ઓછામાં ઓછી બે વખત મળવી જોઈએ અને બે બેઠકો વચ્ચેનો ગાળો ત્રણ મહિના કરતાં ઓછો ન હોવો જોઈએ.

→ ઉપરાંત જરૂર જણાય તો સરપંચ પોતાની

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

મેળે ગ્રામસભા બોલાવી શકશે.

→ સરપંચ ગ્રામસભામાં અધ્યક્ષસ્થાને, તેની ગેરહાજરીમાં ઉપસરપંચ અને બન્નેની ગેરહાજરીમાં ગ્રામસભાનો કોઈ સદસ્ય અધ્યક્ષ બની શકશે.

→ તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતે અધીકૃત કરેલ અધિકારી ગ્રામસભાની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે, બોલવાનો અધિકાર ધરાવશે, પરંતુ તેમને મતનો હક્ક નહીં હોય.

→ ગ્રામસભાની પ્રથમ સભા એપ્રિલની પહેલી તારીખથી બે માસમાં ભરવાની રહેશે.

→ ગ્રામસભાની સૂચના સાત દિવસ અગાઈ, જો ખાસ ગ્રામસભા હોય તો ત્રણ દિવસ અગાઉ આપવી. સભાના આગળના દિવસે દાંટી પીટીને જાણ કરવી.

→ પંચાયતની બેઠક ગ્રામસભાના આગલા દિવસે મળશે, જેમાં ગ્રામસભાના એજન્ડાની વિચારણા કરવાની રહેશે.

→ ગ્રામસભામાં હિસાબોનું વાર્ષિક પત્રક, પાછલા હિસાબી વર્ષના વહીવટનો રિપોર્ટ, ચાલુ વર્ષનાં વિકાસ કાર્યો, છેલ્લી ઓડિટની નોંધ તેમજ તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત જે ફરમાવે તે રજૂ કરવાનું રહેશે.

→ ગ્રામસભામાં ગામમાં ગરીબી રેખાથી નીચે જીવતા લાભાર્થીઓની યાદી તૈયાર કરાવીને તાલુકા વિકાસ અધિકારીને સોંપવાની છે.

→ ગ્રામસભાને વધુ બળવત્તર બનાવવા માટે હાલમાં પહેલી મે, 15 ઓગસ્ટ, 2જી ઓક્ટોબર અને 26 જાન્યુઆરી એમ ચાર વખત ગ્રામસભા બોલાવવાનો સરકારનો તા. 11-7-2001નો પરિપત્ર કરાવ્યો છે.

ગ્રામસભામાં કોરમ માટે મતદારોના 1/10 સભ્યો અથવા 50 સભ્યો બેમાંથી જે ઓછા હોય તેનાથી ક્રોરમ થાય.

## ગ્રામ પંચાયતના સરપંચની ફરજો અને સત્તાઓ

ગુજરાત પંચાયત અધિનિયમમાં સરપંચ, તાલુકા પંચાયતના પ્રમુખ અને જિલ્લા પંચાયતનાં પ્રમુખની ફરજો અને કાર્યોની જોગવાઈ કરેલ છે. તાલુકા પંચાયતમાં નાણાકીય અને હિસાબી કામગીરી તાલુકા વિકાસ અધિકારી અને નાયબ હિસાબનીશ સંભાળે છે, જિલ્લા પંચાયતમાં આ જવાબદારી જિલ્લા વિકાસ અધિકારી અને હિસાબી અધિકારી સંભાળે છે. જ્યારે ગ્રામપંચાયતમાં આ કામગીરી સરપંચને સુપરત કરેલી છે.

## નાણાકીય અને હિસાબોને લગતી ફરજો

(1) પંચાયત ફંડની કાળજી લેવી અને તેની અભિરક્ષા કરવી.

(2) રિફંડ આપવા સહિત પંચાયતના ફંડનો વહીવટ કરવો.

(3) ચેકથી નાણા ઉપાડવા પંચાયતના બે સદસ્યોમાંથી કોઈ એક અને પોતાની એમ બે સહી ન થાય ત્યાં સુધી બેંકમાંથી નાણાં ઉપાડવાં નહીં.

(4) દર માસે મંત્રીના સિલકના હિસાબો ચકાસવા, રજિસ્ટરમાં તેની નોંધ કરવી અને તેનો વિગતવાર અહેવાલ તાલુકા પંચાયતને મોકલી આપવો.

(5) પંચાયતે લીધેલ લોનના હપ્તા સમયસર ભરાય તેની કાળજી રાખવી.

(6) જિલ્લા વિકાસ નિધિનો ફાળો નિયમિત રીતે જિલ્લા પંચાયતને મોકલાય તે જોવું.

(7) પંચાયતનું અંદાજપત્ર નવેમ્બર માસમાં તૈયાર કરાવવું અને 15 ડિસેમ્બર સુધીમાં તાલુકાને મોકલવાની સૂચના પંચાયત મંત્રીને આપવી અને પરત આવ્યા પછી 31 માર્ચ સુધીમાં પંચાયતની સભામાં મંજૂર કરાવ્યા પછી જ ખર્ચ કરવો.

(8) વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરીને મોકલાય છે તે જોવું.

(9) ઢોર પૂરવાના ડબાનો હિસાબ ઓછામાં

ઓછા ત્રણ માસે એકવાર તપાસવો અને તેમ કર્યાની સહી કરવી.

(10) કોઈપણ પ્રસંગે રૂ. 50 સુધીનો આકસ્મિક ખર્ચ કરવો.

## ▶▶ અન્ય ફરજો અને કાર્યો

(1) પંચાયતની બેઠકનું પ્રમુખ સ્થાન લેવું અને બંઠકનું સંચાલન કરવું.

(2) પંચાયતની સભા દર માસે ઓછામાં ઓછી એકવાર બોલાવવી.

(3) પંચાયતના બધા કર્મચારીઓ અને સંવકોના કામ પર નિયંત્રણ રાખવું.

(4) પંચાયતની સમિતિઓની કામગીરી પર દેખરેખ રાખવી.

(5) ગામસભા નિયમિત રીતે યોગ્ય સમયે ભરાય તેની કાળજી રાખવી.

(6) પંચાયતની કાર્યવાહીની નકલ અને સભાની તારીખ તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતે યોગ્ય સમયમાં પહોંચની થાય તેમ પંચાયત મંત્રીને સૂચના આપવી અને તેનો અમલ કરાવવો.

(7) ગામસભામાં અધ્યક્ષ સ્થાને લેવું અને ગામસભાની બેઠકમાં નિયત પ્રમાણેની કાર્યવાહી થાય તે જોવું.

(8) પંચાયતની મિલકતની દેખભાળ મંત્રી પાસે રખાવવી.

(9) તાલુકા / જિલ્લા પંચાયતમાં આવતા પરિપત્રો વંચાણે લેવા અને તેની સમજ સભ્યોને આપવી અને મંત્રી પાસે તેનો અમલ કરાવવો.

(10) મંત્રી પાસે ઓડિટ નોંધના જવાબો તૈયાર કરાવવા, પંચાયત સમક્ષ રજૂ કરવા અને મંજૂર થયે તેના જવાબો નિયતમ સમયમાં તાલુકા પંચાયતમાં મોકલયા તે માટે મંત્રીને સૂચના આપવી.

(11) જરૂરી પત્રકોના રેકોર્ડ મંત્રી પાસે તૈયાર કરાવવા.

## ▶▶ સરપંચની સત્તાઓ

(1) કોઈની સંમતિ કે મંજૂરી મેળવ્યા વગર એક વખતે રૂ. 50નો ખર્ચ કરી શકે છે.

(2) પંચાયત મંત્રીની પરચુરણ રજા મંજૂર કરી શકે છે.

(3) પંચાયતના સભ્યનું રાજીનામું મંજૂર કરી શકે છે.

(4) પંચાયત મંત્રીની કામગીરીની સમીક્ષા અંગેનો ખાનગી અહેવાલ (દર વર્ષે મોડામાં મોડું 30 એપ્રિલ સુધી) લખી શકે છે.

(5) ચેક પર સહી કરવાનો અધિકાર ધરાવે છે.

(6) ગ્રામ પંચાયત અને ગ્રામસભામાં બેઠકનું પ્રમુખસ્થાન સંભાળી શકે છે.

(7) પંચાયતની મિટિંગમાં સરખા મત પડે તો સરપંચ (અવિશ્વાસની દરખાસ્ત સિવાય) ઠરાવમાં તેનો નિર્ણાયક મત આપી શકે છે.

(8) મહેસૂલી રેકર્ડ હક્ક પત્રક નમૂનામાં નંબર-6 માં નોંધ નીચે સહી કરી શકે છે.

(9) પંચાયતના બારીદારની જંગમ મિલકત (પંચાયતના ઠરાવ બાદ) ટાંચમાં લેવાનો પોતાની સહીથી હુકમ કરી શકે છે.

## ▶▶ પંચાયત મંત્રીની ફરજો અને કાર્યો

(1) પંચાયતના બીજા કર્મચારીઓ પર દેખરેખ અને નિયંત્રણ રાખવું.

(2) પંચાયતનાં દફ્તરો પોતાની કસ્ટડીમાં રાખવાં.

(3) પંચાયત વતી મળેલાં નાણાંની પહોંચ આપવી.

(4) જરૂરી તમામ પત્રકો અને અહેવાલો તૈયાર કરાવવાં.

(5) પંચાયતે કરેલ ઠરાવો અને હુકમોનો અમલ કરવો.

(6) બાકી લેણાંની વસૂલાત માટે ત્વરિત પગલાં ભરવાં.

(7) ઓડિટ નોંધો દ્વારા દર્શાવેલ ક્ષતિઓ કે ખામીઓ દૂર કરવી.

(8) પંચાયતની મિલકત પર દેખરેખ રાખવી.

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

(9) પંચાયતની દરેક સમિતિમાં મંત્રી તરીકે કામગીરી કરવી.

(10) હિસાબી અધિનિયમ મુજબ હિસાબો તૈયાર રાખવા.

(11) જન્મ કે મરણ નોંધણીની કામગીરી કરવી.

(12) મહેસૂલી દફતરો રાખવાં અને અન્ય મહેસૂલી કામગીરી કરવી.

(13) તેના તાબાના નોકરો અથવા કોન્ટ્રાક્ટરો ગફલત, ગેરકાયદેસર વર્તણૂક, નિયમોનું ઉલ્લંઘન કે અવગણના અંગેના કિસ્સાઓ પંચાયતના ધ્યાન પર રાખવા.

(14) પંચાયતની મિલકતને લગતી ચોરી કે નુકસાન કે ઉચાપત અંગેનો અહેવાલ ત્વરાથી સરપંચને આપવો.

(15) પંચાયતની દરેક કારોબારી હુકમનો અમલ કરાવવો.

(16) પંચાયતે ઠરાવ કરીને કામગીરી સોંપી હોય તો પંચાયત તરીકે ફરિયાદ કે દાવાઓ કોર્ટમાં ચાલે ત્યારે પંચાયત તરફથી હાજર રહેવું.

(17) પંચાયત મંત્રી ગ્રામ્ય વિસ્તારમાં લગ્નનોંધણી અધિકારીની ફરજ બજાવશે.

## ગ્રામ પંચાયતની આવકનાં સાધનો

### (અ) ગ્રામ પંચાયતોના વેરા અને ફી

ગ્રામપંચાયત નીચે મુજબના વેરા અને ફી લાદી શકે છે.

(1) મકાન વેરો (2) મેળા, ઉત્સવો તથા બીજા મનોરંજન પરનો વેરો (3) યાત્રાળુ કર (4) ગામના વાહનો, હોડીઓ, પ્રાણીઓ ઉપરનો ટોલ (5) ગામમાં દાખલ થતાં વાહનો, પ્રાણીઓ ઉપરનો ટોલ (6) પાણીનો સામાન્ય કર (7) સફાઈ કર (8) વ્યવસાય વેરો (9) પાઈપ દ્વારા પાણી પૂરું પાડવામાં આવતાં ખાસ વેરો (10) બજારો અને અઠવાડિક બજારોની ફી (11) ગાંડા-ટાંગા ઊભા રાખવાની જગ્યા પર ફી (12) ખાસ પાણી ચાર્જ (13) ગામમાં રાખેલા કૂતરાં પરનો વેરો (14) ગટર વેરો (15) દીવાબત્તી વેરો (16) પંચાયતની માલિકીના ગોચરમાં ઢોર ચરાવવા માટેની ફી (17) ખાળ કુંડીનો સફાઈ વેરો (18) કામચલાઉ બાંધકામ કે મકાનના આગળ પડતા ભાગ માટેની ફી (19) જમીન મહેસૂલ પરનો ઉપકર (20) ખાનગી સંડાસ માટેનો ખાસ સફાઈ કર.

નોંધ : હાલમાં મિલકત વેરો, પાણીવેરો અને સફાઈ વેરો ત્રણ ફરજિયાત પણે ઉઘરાવવાના વેરા તરીકે કરવામાં આવ્યા છે.

**(બ) જિલ્લા સરકારી ફંડમાંથી અનુદાન :** આ ફંડમાં જમીન મહેસૂલની આવકમાંથી 7.5% જેટલી રકમ જમા થાય છે, જેમાંથી આર્થિક પછાત એવી ગ્રામ પંચાયતોને અનુદાન અપાય છે.

**(ક) જિલ્લા ગ્રામ ઉત્તેજન ફંડમાંથી અનુદાન કે સહાય:** આ ફંડમાં પણ જમીન મહેસૂલની આવકમાંથી 7.5% જેટલી રકમ જમા થાય છે જેનો ઉપયોગ જે પંચાયત કર કે ફી વધારીને પોતાની આવક વધારી શકે તે માટે ગ્રામ પંચાયતોને અનુદાન કે ધિરાણ પેટે અપાય છે.

**(ડ) જિલ્લા વિકાસ ફંડમાંથી ધિરાણ :** દરેક જિલ્લામાં જિલ્લા વિકાસ ફંડની સ્થાપના કરવામાં આવે છે, જેમાં દર વર્ષે ગ્રામ પંચાયત પોતાની આવકના 5 ટકાથી વધુ નહીં તેટલી રકમ આ ફંડમાં જમા કરાવે છે. આ ફંડમાંથી પંચાયતોને લોન મળી શકે છે.

**(ઈ) રાજ્ય સરકારી ફંડમાંથી અનુદાન:** પંચાયત ધારાની જોગવાઈ મુજબ છેલ્લા ત્રણ વર્ષની જમીન મહેસૂલની સરેરાશ આવકના 5 ટકા રકમ આ ફંડમાં જમા કરવામાં આવે છે આ કાયની નિધિ છે. આ નિધિમાંથી અનુદાન મંજૂર કરવાની સત્તા વિકાસ કમિશનરની છે. વિકાસના કામો માટે અનુદાન મેળવવા ગ્રામપંચાયતે જિલ્લા પંચાયત સમક્ષ રજૂઆત કરવાની હોય છે.

**(એફ) સામાજિક ન્યાય નિધિનો ઉપયોગ:** જિલ્લા પંચાયે અનુસૂચિત જાતિઓ અને

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

અનુસૂચિત જનજાતિઓ તેમજ અનેય પછાત વર્ગોના લોકો માટે જિલ્લા પંચાયતે સ્વભંડોળમાંથી અમુક નિશ્ચિત રકમ સામાજિક ન્યાય નિધિ માટે ફાળવવાની હોય છે. સમાજ કલ્યાણ ક્ષેત્રનાં કામો માટે ગ્રામ પંચાયતોને આમાંથી સહાય મળી શકે છે.

**(જી) આયોજન મંડળની ગ્રાન્ટ** : સરકારે જિલ્લા આયોજન બોર્ડ હસ્તક (1) વિવેકાધીન જોગવાઈ અને (2) પ્રોત્સાહક જોગવાઈ વિવેકાધીન યોજના અંતર્ગત પંચાયતોને અનુદાન આપવામાં આવે છે. વિવેકાધીન ગ્રાન્ટમાંથી મંજૂર થતાં વિકાસ કાર્યોમાં લોકફાળાનું ધોરણ નથી, જ્યારે પ્રોત્સાહક ગ્રાન્ટમાં લોકફાળાનું ધોરણ આપવામાં આવેલ છે.

**(એચ) પછાત તાલુકાઓના વિકાસની ગ્રાન્ટ:** રાજ્ય સરકારે જાહેર કરેલ 56 પછાત તાલુકાઓને વિકાસ કામોમાં વિશેષ અનુદાન આપવાની જોગવાઈ કરેલ છે.

**(આઇ) ધારાસભ્ય / સંસદસભ્યોને મળતી ગ્રાન્ટમાંથી આર્થિક સહાય** : ધારાસભ્યો અને સંસદસભ્યોને તેમના વિસ્તારના વિકાસ કાર્યો માટે દર વર્ષે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાંથી ગ્રામપંચાયતો વિકાસ કાર્યો માટે માંગણી કરી શકે છે. છેલ્લા થોડાક વર્ષોથી રાજ્ય સરકારે જિલ્લા કલેક્ટરને પણ આવી રકમ ફાળવી છે જેમાંથી ગ્રામપંચાયત અનુદાન મેળવી શકે છે.

**(જે) નાણાંપંચ** : પંચાયતની ધારામાં પંચાયતોના વિકાસ કાર્યો માટે નાણાંપંચની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ પંચાયતોને કેન્દ્ર સરકાર તરફથી 75 ટકા અને રાજ્ય સરકાર તરફથી 25% ગ્રાન્ટ વિકાસ કાર્યો માટે ફાળવવામાં આવે છે.

**(કે) પંચાયતની અન્ય વેરા વગરની આવકો**

(1) ગૌચરની જમીન કે અન્ય જગ્યાએ લાવેલા કે આપમેળે ઊગેલા ગાંડા બાવળામાંથી થતી આવક

(2) ગામનાં તળાવમાં શિંગોડામાં, કમળ ફૂલ કે મત્સ્ય ઉદ્યોગમાંથી થતી આવક

(3) ગામના ગોંદરે ફરતાં ઢોરાના છાણની આવક

(4) પંચાયતને સંપ્રાપ્ત મિલકત ત્રણ વર્ષ કરતાં ઓછા સમય માટે ભાડે આપીને થતી આવક

(5) દાન ભેટની આવક

## 4. તાલુકા પંચાયત

### ⏩ તાલુકા પંચાયતની રચના :

→ તાલુકા પંચાયતમાં એક લાખની વસતિ સુધી 15 બેઠકો રહેશે અને વધારાની દર 25000 વસતિએ બે બેઠકો વધારાની રહેશે.

→ તાલુકા પંચાયતના સદસ્યોની ચૂંટણી તાલુકાના લાયકાત ધરાવતા મતદારો દ્વારા સીધી ચૂંટણીથી કરવામાં આવે છે.

→ તાલુકા પંચાયતમાં મહિલાઓ માટે 1/3 બેઠકો અનામત રખાય છે, બક્ષીપંચ માટે 10 ટકા અને એસ.સી./ એસ.ટી. માટે વસતિના ધોરણે અનામત બેઠકો રખાય છે.

→ તાલુકા કે તેના ભાગમાંના કોઈપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાનસભા સભ્યો આવી તાલુકા પંચાયતમાં કાયમી આમંત્રિતો ગણાશે, પરંતુ તેમને મતાધિકાર નહીં હોય.

→ 20 લાખથી ઓછી વસતિ ધરાવતાં રાજ્યોમાં તાલુકા પંચાયતની જોગવાઈ નથી.

### ⏩ વિભિન્ન રાજ્યોમાં તાલુકા પંચાયતનાં વિભિન્ન નામો :

જુદા જુદા રાજ્યોમાં તાલુકા પંચાયત અલગ અલગ નામે ઓળખાય છે.

પંચાયત સમિતિ - બિહાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, ચંદીગઢ, આંદોમાન, નિકોબાર

તાલુકા પંચાયત - ગુજરાત, કર્ણાટક

મંડલ પરિષદ - આંધ્રપ્રદેશ

આંચલિક પરિષદ - આસામ

જનપદ પંચાયત - મધ્યપ્રદેશ

પંચાયત યુનિયન - તમિલનાડુ

ક્ષેત્ર પંચાયત - ઉત્તરપ્રદેશ

અંચલ સમિતિ - અરુણાચલ પ્રદેશ

બ્લોક પંચાયત - કેરાલા

બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ - જમ્મુ કાશ્મીર

જુદા જુદા રાજ્યોમાં તાલુકા પંચાયતના મુખ્ય પદાધિકારી જુદા જુદા નામે ઓળખાય છે.

અધ્યક્ષ :- હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, તમિલનાડુ, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ચંદીગઢ, પાંડિચેરી

પ્રમુખ :- આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કેરાલા, આંદોમાન નિકોબાર

સભાપતિ :- પશ્ચિમ બંગાળ

### ⏩ તાલુકા પંચાયતની ચૂંટણી :-

→ તાલુકા પંચાયતની ચૂંટણી પક્ષીય એટલે કે રાજકીય ધોરણે લડાય છે.

→ તાલુકા પંચાયતની ચૂંટણીની અન્ય જોગવાઈઓ ગ્રામ પંચાયતની ચૂંટણીની જેવી જ છે.

→ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી હોવાથી તા. 19-1-1979 થી તાલુકા/જિલ્લા પંચાયતોને પણ પક્ષાંતર ધારો લાગુ પાડવામાં આવ્યો છે.

### ⏩ તાલુકા પંચાયતની પ્રથમ બેઠક અને પ્રમુખ - ઉપપ્રમુખની ચૂંટણી

→ સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોનાં નામો પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખથી ચાર અઠવાડિયાની અંદર, જિલ્લા વિકાસ અધિકારી જે તારીખ નક્કી કરે તે દિવસે તાલુકા પંચાયતની પ્રથમ બેઠક મળે છે.

→ તાલુકા પંચાયતની પ્રથમ બેઠકના પ્રમુખની નિમણૂકનો અધિકાર જિલ્લા વિકાસ અધિકારીને છે. જિલ્લા વિકાસ અધિકારી જે અધિકારીને બેઠકના પ્રમુખ નિયુક્ત કરે તે બેઠક અધ્યક્ષ ગણાય છે, જો કે તેમને મતાધિકાર રહેશે નહિ.

→ પ્રથમ બેઠકમાં માત્ર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સિવાય કોઈ કાર્યવાહી હાથ ધરી શકાશે નહીં.

→ આ કલમ હેઠળની ચૂંટણીમાં જો બે ઉમેદવારોને સરખા મતો પડે તો, અધ્યક્ષ સ્થાન લેનાર અધિકારીની હાજરીમાં ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવે છે.

⏩ **સભ્યો, પ્રમુખ તથા ઉપ-પ્રમુખના હોદ્દાની મુદત :** તાલુકા પંચાયતના સભ્યો, પ્રમુખ તથા ઉપપ્રમુખના હોદ્દાની મુદત પંચાયતના જેટલી જ એટલે કે પાંચ વર્ષની રહેશે.

⏩ **તાલુકા પંચાયતનાં કાર્યો :-** તાલુકા પંચાયતનાં મહત્ત્વનાં કાર્યો નીચે પ્રમાણે છે.

### ⏩ સ્વાસ્થ્ય/સફાઈ ક્ષેત્રે

→ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલ, પ્રસૂતિગૃહો, ઔષધાલયો ચલાવવાં.

→ ગ્રામ્ય પાણી પુરવઠાની યોજનાઓ

→ પાણીનું પ્રદૂષણ અટકાવવું

→ કુટુંબ નિયોજનનું કાર્ય કરવું

→ શિક્ષણ સમાજ શિક્ષણ ક્ષેત્ર

→ પ્રાથમિક શાળાની સ્થાપના અને સંચાલન

→ પ્રાથમિક શાળાના ઓરડા બાંધવા, રમતગમતનાં મેદાનો બનાવવાં.

→ અનૌપચારિક શિક્ષણ, પ્રૌઢશિક્ષણ અને સમાજશિક્ષણનાં કેન્દ્રો ચલાવવાં.

### ⏩ કૃષિ-સિંચાઈ ક્ષેત્ર

→ ખેતીવાડી સુધારણા, સિંચાઈ બાંધકામ અને જમીન નવસાધ્ય કામગીરી

→ ખેતી-સિંચાઈ માટે ધિરાણની વ્યવસ્થા

→ ખેડૂતોના તાલીમ વર્ગો અને વિસ્તરણ કાર્યક્રમો યોજવા

→ ગોડાઉન સ્થાપવાં અને નિભાવવાં

→ વોટરશેડ વિકાસનાં કામો કરવાં.



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

**પશુ સંવર્ધન ક્ષેત્ર :**

→ પશુ દવાખાનાં અને કૃત્રિમ ગર્ભાધાનનાં કેન્દ્રો ચલાવવાં.

→ ડેરી વિકાસને પ્રોત્સાહન આપવું.

**સમાજ કલ્યાણ અને સમાજસુરક્ષા ક્ષેત્ર:**

→ અસ્પૃશ્યતા નિવારણ

→ સમાજના નબળા વર્ગો, વિકલાંગો, નિરાધાર, વૃદ્ધો, વિધવા વ્યક્તિ માટેની યોજનાઓ

→ નિરાધાર લોકો માટે અનાથાશ્રમો સ્થાપવા અને ચલાવવાં.

**ગ્રામવસવાટ ક્ષેત્ર :**

→ ગામતળનો વિકાસ અને ગ્રામીણ રહેઠાણોનું આયોજન

**સહકાર ક્ષેત્ર :**

→ સહકારી ધોરણે ધિરાણ, વેચાણ, ઉદ્યોગ, સિંચાઈ વગેરેને લગતી સહકારી મંડળીઓ સ્થાપવી.

**નાનો ઉદ્યોગ :**

→ ઉત્પાદન સહ તાલીમ કેન્દ્રો ચલાવવાં

→ ખાદી ગ્રામોદ્યોગ, કુટિર ઉદ્યોગોનો વિકાસ

→ વ્યાવસાયિક માર્ગદર્શન કેન્દ્રો ચલાવવાં

**તાલુકા પંચાયતની બેઠકો :**

→ તાલુકા પંચાયતની બેઠક સામાન્ય રીતે દર ત્રણ માસે ભરવી જોઈશે.

→ પરંતુ તાલુકા પંચાયતના ઓછામાં ઓછા 1/3 સભ્યો પ્રમુખને લેખિત વિનંતી કરે તો બેઠક કોઈ પણ સમયે બોલાવવી જોઈશે.

**તાલુકા પંચાયતની સમિતિઓ :** આનો સવિસ્તાર ઉલ્લેખ 'પંચાયતની સમિતિઓ' પ્રકરણમાં કરેલ છે.

**તાલુકા પંચાયતના પ્રમુખનાં કાર્યો અને સત્તાઓ :** તાલુકા પંચાયતના પ્રમુખે નીચેનાં કાર્યો બજાવવાનાં છે.

→ તાલુકા પંચાયતની બેઠક બોલાવવી, બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.

→ પંચાયતોનાં દફતરો તપાસી શકાશે.

→ પંચાયતોનાં આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખવી.

→ પંચાયતના અથવા તેની કોઈપણ સમિતિના ઠરાવો અથવા નિર્ણયોનો અમલ કરાવવા માટે તાલુકા વિકાસ અધિકારી પર દેખરેખ રાખશે.

→ આ અધિનિયમ હેઠળ જરૂર જણાય તો કોઈપણ કૃત્ય જનહિત માટે તાત્કાલિક કરવાની અથવા મોકુફ રાખવાની સત્તા ધરાવે છે, તે માટે તાલુકા નિધિમાંથી ખર્ચ કરવાની સત્તા પણ ધરાવે છે.

→ તાલુકા પંચાયતની કોઈ સમિતિમાં સભ્ય તરીકે હોય તો તે સમિતિનો હોદ્દાની રૂએ અધ્યક્ષ બને છે.

**તાલુકા પંચાયતના ઉપપ્રમુખનાં કાર્યો:**

→ પ્રમુખની ગેરહાજરીમાં બેઠકોનું અધ્યક્ષસ્થાને લેવું.

→ રાજ્ય સરકારના નિયમોને આધીન, પ્રમુખ વખતોવખત જે સત્તાઓ કાર્યો લેખિતમાં સોંપે તે પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

→ પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખની ફરજો બજાવશે.

**તાલુકાના સદસ્યો, ઉપપ્રમુખ અને પ્રમુખનું રાજીનામું :**

→ તાલુકા પંચાયતનો સદસ્ય પ્રમુખને પોતાનું રાજીનામું લેખિતમાં આપી શકે છે અને રાજીનામુ મળે તે તારીખથી અમલમાં આવે છે.

→ ઉપપ્રમુખ પંચાયતને લેખિતમાં રાજીનામું આપી શકે છે પરંતુ પંચાયત જ્યાં સુધી રાજીનામું સ્વીકારે નહીં ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

→ તાલુકામાં પંચાયતના પ્રમુખ જિલ્લા પંચાયતને લેખિતમાં રાજીનામું આપી હોદ્દા પરથી દૂર થઈ શકે છે, પરંતુ જ્યાં સુધી જિલ્લા પંચાયત મંજૂર ન કરે ત્યાં સુધી અમલમાં આવશે નહિ.



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ રાજીનામા અંગે કોઈ તકરાર ઉભી થાય તો રાજીનામું અમલમાં આવ્યા તારીખ થી 30 દિવસની અંદર વિકાસ કમિશરને લેખિતમાં ફરિયાદ કરવાની રહેશે. 30 દિવસ પછી કોઈ તકરાર ચાલશે નહિ.

**અવિશ્વાસની દરખાસ્ત**

→ પ્રમુખ કે ઉપપ્રમુખ વિરુદ્ધ તાલુકા પંચાયતનો કોઈ સભ્ય નિયત ફોર્મમાં કુલ સભ્યોના 50 ટકા સભ્યોની સહીથી અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરી શકશે.

→ જો પ્રસ્તાવને પંચાયતના કુલ સભ્યોના 2/3 સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવે તો જે તારીખે પ્રસ્તાવ પસાર કર્યો હશે તે તારીખથી ત્રણ દિવસ પછી પ્રમુખ કે ઉપપ્રમુખ હોદ્દો ધરાવતા બંધ થશે.

→ પ્રમુખ કે ઉપપ્રમુખની વિરુદ્ધમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો હોય તે બેઠકમાં પ્રમુખ કે ઉપપ્રમુખ અધ્યક્ષસ્થાને રહી શકશે નહીં, જો કે આવી બેઠકમાં બોલવાનો કે મત આપવાનો અધિકાર રહેશે.

**સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા બાબત :**

→ કોઈ સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખ પોતાની ફરજ બજાવવામાં કસૂર કરે, સત્તાનો દુરુપયોગ કરે અથવા ફરજ બજાવવા અસમર્થ થયો હોય તો, યોગ્ય કાર્યવાહી કરીને જિલ્લા વિકાસ અધિકારી સંબંધિત સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને હોદ્દા પરથી દૂર કરી શકે છે. આવા હુકમની સામે વિકાસ કમિશનરને અપીલ કરી શકાય છે, વિકાસ કમિશનરે આપેલ હુકમ સામે રિવિઝન અરજી થઈ શકતી નથી. હાઈકોર્ટમાં અપીલ કરવી પડે.

→ જો પ્રમુખ કે ઉપપ્રમુખ સામે નૈતિક અધ:પતનવાળા કોઈપણ ગુનામાં કોઈ ફોજદારી કાર્યવાહી સામે થઈ હોય અથવા કાર્યવાહી દરમિયાન જેલમાં અટકમાં રાખવામાં આવ્યા હોય તો જિલ્લા વિકાસ અધિકારી જે તે પ્રમુખ કે ઉપપ્રમુખને હોદ્દા પરથી દૂર કરી શકે છે.

→ આવા હુકમની વિરુદ્ધમાં હુકમની તારીખથી 30 દિવસની મુદતની અંદર રાજ્ય સરકારને અપીલ થઈ શકશે.

**પ્રશ્નોનો નિર્ણય બહુમતી દ્વારા**

→ તાલુકા પંચાયત અથવા તેની સમિતિની બેઠકમાં સઘળા નિર્ણયો હાજર રહેલ સભ્યોની બહુમતીથી લેવાના રહેશે.

→ આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય બેઠક અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને સરખા મતો પડે તેવા દરેક પ્રસંગે બીજો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર છે.

**તાલુકા ફંડ :** દરેક તાલુકામાં એક ફંડ રહેશે જે તાલુકા ફંડ તરીકે ઓળખાશે. તાલુકા ફંડમાં નીચેની રકમો જમા કરવામાં આવે છે.

(1) પંચાયત નાંખેલ કર કે ફીની આવક

(2) સઘળાં છાણ, ધૂળ કચરો અથવા પશુઓના મડાદાની વેચાણની ઊપજ

(3) જિલ્લા પંચાયત કે રાજ્ય સરકારે આપેલ ફાળાની રકમો

(4) જિલ્લા પંચાયત કે રાજ્ય સરકારમાંથી લીધેલ લોનની રકમ

(5) તાલુકા પંચાયતને મળેલ બક્ષિસ કે ફાળાની રકમો

(6) તાલુકા પંચાયતને પ્રાપ્ત થતી કોઈ મિલકતની આવક કે ઊપજ

(7) સ્ટેમ્પ ડ્યૂટીમાંથી થતી આવક

(8) ભાડાં તરીકે કે ફોજદારી કેસમાં કોઈપણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલેલી રકમ.

**તાલુકા ફંડનો ઉપયોગ :**

→ તમામ રકમનો ઉપયોગ પંચાયતના અધિનિયમ હેઠળના નિર્ધારિત કાર્યો માટે વપરાશે.

→ બાકી રહેલાં નાણાં ચાલું ખર્ચ માટે જોઈતાં ન હોય તો ઠરાવ કરીને યોગ્ય રીતે રોકાણ

કરી શકાશે.

→ પંચાયતે લીધેલ કોઈપણ લોનના દાખલામાં મુદ્દલ રકમ અથવા તેના હપ્તાની ચુકવણી અને તે અંગેની વ્યાજની ચૂકવણી તેના ફંડ પર પ્રથમ બોજો ગણાશે.

**⏩ તાલુકા પંચાયતનો સેક્રેટરી, અધિકારીઓ અને કર્મચારી ગણ**

→ દરેક તાલુકા પંચાયત માટે એક સેક્રેટરી રહેશે.

→ દરેક તાલુકા પંચાયતમાં રાય સરકાર દ્વારા નિયુક્ત તાલુકા વિકાસ અધિકારી રહેશે અને તે હોદ્દાની રૂએ તાલુકા પંચાયતનો સેક્રેટરી ગણાશે.

→ આ ઉપરાંત અધિનિયમમાં ઠરાવ્યા પુજબના અધિકારીઓ અને નોકરી રહેશે.

→ તાલુકા વિકાસ અધિકારીને જુદા જુદા રાજ્યોમાં - તાલુકા વિકાસ અધિકારી, બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર અથવા મુખ્ય વહીવટી અધિકારી (Chief Executive Officer - C.E.O.) તરીકે ઓળખવામાં આવે છે.

**⏩ તાલુકા વિકાસ અધિકારીની ફરજો અને કાર્યો :**

(1) પંચાયત અધિનિયમ પ્રમાણે બજાવવાની ફરજો અદા કરશે.

(2) તાલુકા પંચાયતના અધિકારી/કર્મચારીઓ/સેવકોની ફરજો નક્કી કરશે.

(3) તાલુકા પંચાયતની તમામ પ્રવૃત્તિઓની બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખવું.

(4) તાલુકા પંચાયતનાં વિકાસ કામોના અમલ કરવા જરૂરી પગલાં લેવાં.

(5) તાલુકા પંચાયતનાં તમામ દફ્તરો/રેકોર્ડો/દસ્તાવેજો કસ્ટડીમાં રાખવા.

(6) નિધિમાંથી નાણાં ઉપાડવાં અને ખર્ચવાં.

(7) પંચાયતની બીજી ફરજો જે કોઈપણ સમિતિને સોંપવામાં ન આવી હોય.

(8) તાલુકા પંચાયતના મંત્રી તરીકે પંચાયતની બેઠકો બોલાવવાની કાર્યસૂચિ-નોટિસો તૈયાર કરવી.

**⏩ તાલુકા વિકાસ અધિકારીની સત્તાઓ :**

(1) તાલુકા પંચાયતના અધિકારી/કર્મચારીઓની રજા મંજૂર કરવી.

(2) તાલુકા પંચાયત કે તેની કોઈપણ સમિતિમાં હાજર રહેવાની.

(3) પોતાના તાબા હેઠળના અધિકાકીઓ/કર્મચારીઓના ગુપ્ત રેકોર્ડ લખવા.

(4) તાલુકા પંચાયતની કારોબોરી સત્તા તાલુકા વિકાસ અધિકારીની છે.

(5) ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નક્કી કરવી.

(6) ગ્રામ પંચાયતની સભ્ય - ઉપસરપંચના રાજીનામાની તકરારનો નિર્ણય કરવાની સત્તા છે.

(7) તાલુકા પંચાયતના અધિકારી/કર્મચારી પાસેથી ખુલાસો માંગવાની સત્તા છે.

## 5. જિલ્લા પંચાયત

**⏩ જિલ્લા પંચાયતની રચના :**

→ ચાર લાખ સુધીની વસતિ ધરાવતા જિલ્લામાં જિલ્લા પંચાયત 17 સભ્યોની બનેલી રહેશે અને ચાર લાખથી વધુ વસતિવાળા જિલ્લામાં દર લાખે કે તેના ભાગ માટે બે બેઠકોનો વધારો કરવાનો રહેશે.

→ જિલ્લા પંચાયતના સદસ્યોની ચૂંટણી જિલ્લાના લાયકાત ધરાવતા મતદારો દ્વારા સીધી ચૂંટણી દ્વારા થાય છે.

→ જિલ્લા પંચાયતમાં સ્ત્રીઓ માટે 1/3 બેઠકો, બક્ષીપંચ માટે 10 ટકા અને એસ.સી. એસ.ટી. માટે વસતિના ધોરણે અનામત બેઠકો રાખવામાં આવે છે.

→ જિલ્લા અથવા તેના કોઈ પણ ભાગમાંના કોઈ પણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો જિલ્લી પંચાયતમાં કાયમી આમંત્રિત સભ્યો ગણાશે, પરંતુ તેમને મતાધિકારનો હક્ક રહેશે નહીં.

→ જિલ્લા પંચાયતની સભ્ય સંખ્યા, અનામત ઉમેદવારો માટેની બેઠકો નક્કી કરવાનો અધિકાર વિકાસ કમિશનરને છે.

**વિભિન્ન રાજ્યોમાં જિલ્લા પંચાયમનાં વિભિન્ન નામો**

→ જિલ્લા પરિષદ - આંધ્રપ્રદેશ, આસામ, બિરાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, અરુણાચરણ પ્રદેશ, મણિપુર સિક્કિમ.

→ જિલ્લા પંચાયત - ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગોવા, આંદોમાન-નિકોબાર.

→ ડિસ્ટ્રિક્ટ પંચાયત - દાદરાનગર હવેલી, દમણ અને દીવ, લક્ષદ્વીપ, તામિલનાડુ, કેરાલા, પુડુચેરીમાં જિલ્લા પંચાયત માટે અંગ્રેજી પર્યાયવાચી શબ્દ પ્રયોગ થાય છે.

→ ડિસ્ટ્રિક્ટ પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ બોર્ડ - જમ્મુ કાશ્મીર

**વિભિન્ન રાજ્યોમાં જિલ્લા પંચાયતના મુખ્ય પદાધિકારીનાં વિભિન્ન નામો**

→ અધ્યક્ષ કે ચેર પરસન : આંધ્રપ્રદેશ, અરુણાચલપ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુકાશ્મીર, ચંદીગઢ, પંજાબ, બિહાર, ગોવા, કર્ણાટક, મણિપુર, સિક્કિમ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, આંદોમાન-નિકોબર.

→ પ્રમુખ કે પેસિડેન્ટ : આસામ, ગુજરાત, હરિયાણા, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન.

→ સભાધિપતિ : ત્રિપુરા પશ્ચિમ બંગાળ.

→ પ્રેસિડેન્ટ કમ ચીફ કાઉન્સિલર - દાદરા-નગર હવેલી, દમણદીપ, લક્ષદ્વીપ

**જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક અને પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી**

→ સામાન્ય ચૂંટણીમા ચૂંટાયેલા સભ્યોનાં નામો પ્રસિદ્ધ થયાની તારીખથી ચાર અઠવાડિયામાં વિકાસ કમિશનર જે તારીખ નક્કી કરે તે તારીખે જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક મળશે.

→ જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં અધ્યક્ષ નક્કી કરવાનો અધિકાર વિકાસ કમિશને છે, વિકાસ કમિશનર જેને નિયુક્ત કરે તે અધિકારી પ્રથમ બેઠકના અધ્યક્ષ સ્થાને રહેશે.

→ પ્રથમ બેઠકમાં માત્ર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સિવાય બીજી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.

→ આ અધિનિયમ હેઠળ જો બે ઉમેદવારના સરખા મતો પડે તો અધ્યક્ષ સ્થાન લેવાર અધિકારીની હાજરીમાં ચિઠ્ઠી ઉપાડીને નિર્ણય લેવામાં આવે છે.

→ ચૂંટણી અંગેના વિવાદ માટે નિર્ણય જાહેર થયાના ત્રીસ દિવસમાં અપીલ કરવાની હોય છે.

**સભ્યો, ઉપપ્રમુખ અને પ્રમુખની હોદ્દાની મુદ્દત** : જિલ્લા પંચાયતના સભ્યો, ઉપપ્રમુખ અને પ્રમુખના હોદ્દાની મુદત જિલ્લા પંચાયતના જેટલી જ એટલે કે પાંચ વર્ષની હોય છે.

**જિલ્લા પંચાયતનું મુખ્ય મથક** : જિલ્લા પંચાયતનું મુખ્ય મથક રાજ્ય સરકાર હુકમ કરીને ઠરાવે તે સ્થળે રહેશે.

**જિલ્લા પંચાયતનાં કાર્યો** : જિલ્લા પંચાયત નીચેનાં કાર્યક્ષેત્રોમાં વિભિન્ન કામગીરી કરે છે.

**સ્વાસ્થ/સફાઇ :**

→ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, દવાખાનાં, હોસ્પિટલો સ્થાપવી અને ચલાવવી

→ કુટુંબ નિયોજન

→ નર્સો દાયણોને તાલીમ

**બાંધકામ :**

→ જેલ્લા કક્ષા ના માર્ગો, પુલો, નાળાં બાંધવા.

→ આવા રસ્તા પર વૃક્ષારોપણ કરાવવું.

**શિક્ષણ/સમાજ શિક્ષણ :**

→ પ્રાથમિક શિક્ષણનું નિયંત્રણ, નિરીક્ષણ અને

સંચાલન

→ આશ્રમશાળાઓની સ્થાપના

→ પ્રાથમિક શાળાઓના શિક્ષણ કાર્ય પર દેખરેખ

→ પુસ્તકાલયો/વાચનાલયોને પ્રોત્સાહન

→ પ્રોઢ શિક્ષણ સમાજશિક્ષણનાં કેન્દ્રો ચલાવવાં

**કૃષિ અને સિંચાઈ :**

→ ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ બાંધવાં ચલાવવાં

→ જમીન સુધારણા અને સરંક્ષણ

→ લઘુ સિંચાઈ યોજના કરવી અને જાળવવી

**પશુસંવર્ધન :**

→ પશુ દવાખાનાં સ્થાપવાં

→ કૃત્રિમ વીર્યદાન કેન્દ્ર સ્થાપવાં

→ ડેરી વિકાસ

**કુટિર અને લઘુ ઉદ્યોગ :**

→ કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન

→ ગ્રામીણ કારીગરોને વ્યાવસાયિક તાલીમ

→ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ સ્થાપવી

**સમાજ કલ્યાણ - સમાજ સુરક્ષા :**

→ સમાજના નબળા વર્ગો માટે છાત્રાલયો સ્થાપવાં

→ અનુસુચિત જાતિ/જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે કામ કરતી સંસ્થાઓને પ્રોત્સાહન

**જિલ્લા પંચાયતની સત્તાઓ :**

(1) કરવેરા નાંખી શકે છે.

(2) તાલુકા પંચાયતના બજેટની ચકાસણી કરીને ભલામણ કરી શકે છે.

(3) જિલ્લા પંચાયત પોતાનું બજેટ મંજૂર કરવાની સત્તા ધરાવે છે.

(4) તાબાની પંચાયતોને લોન આપી શકે છે.

(5) ગ્રામ પંચાયતો માટે પેટા નિયમો ઘડી શકે છે.

(6) જમીન, મહેસૂલ અધિનિયમ, અંતર્ગત ગામમાં ખેતીની જમીનને બિનખેતીમાં રૂપાંતર કરવાની મંજૂરી આપી શકે છે.

(7) જિલ્લાની સહકારી મંડળીઓની નોંધણી કરવી કે તેના પેટા નિયમોને મંજૂરી આપવાની સત્તા ધરાવે છે.

(8) ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયતમાં જરૂર કરતાં વધારે કર્મચારીઓ હોય તો મહેકમ ઘટાડવા આદેશ આપી શકે છે.

(9) તાલુકા પંચાયતના પ્રમુખનું રાજીનામું મંજૂર કરવાની સત્તા ધરાવે છે.

(10) તાલુકા પંચાયતમાં તાકીદના પ્રસંગે ખર્ચ મંજૂર કરવાની સત્તા ધરાવે છે.

**જિલ્લા પંચાયતના પ્રમુખનાં કાર્યો અને સત્તાઓ :**

(1) જિલ્લા પંચાયતની બેઠકો બોલાવવી, અધ્યક્ષસ્થાન લેવું અને સંચાલન કરવું.

(2) પંચાયતનાં દફ્તરો તપાસી શકશે.

(3) પંચાયત અધિનિયમ હેઠળ સોંપાયેલ તમામ સત્તાઓ અને ફરજો બજાવવી.

(4) પંચાયતની આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખવી.

(5) પંચાયત કે સમિતિના નિર્ણયોના અમલ કરાવવા માટે જિલ્લા વિકાસ અધિકાર પર દેખરેખ રાખવી.

(6) કોઈપણ તાકીદનું કામ શરૂ કરવા, બંધ રાખવા કે મોકૂફ રાખવાનો અધિકાર છે.

**જિલ્લા પંચાયતના ઉપપ્રમુખનાં કાર્યો અને સત્તઓ :**

(1) પ્રમુખની ગેરહાજરીમાં પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું.

(2) પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ તરીકેની સત્તાઓ અને ફરજો અદા કરવી.

(3) પંચાયત અધિનિયમ અંતર્ગત પ્રમુખ જે કાર્યો કે સત્તાઓ લાખિતમાં સોંપે તે અદા કરવી.

**પ્રમુખ કે ઉપપ્રમુખ પર અવિશ્વાસ પ્રસ્તાવ :**

→ જિલ્લા પંચાયતનો કોઈ પણ સદસ્ય પ્રમુખ કે ઉપપ્રમુખ વિરુદ્ધ નિયત નમૂનામાં ઠરાવવ્યા મુજબ અવિશ્વસની દરખાસ્ત

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

લાવી શકશે. દરખાસ્ત માટે કુલ સભ્યોના પચાસ ટકા સભ્યોને ટેકો જરૂરી છે.

→ જો પ્રસ્તાવને જિલ્લા પંચાયતના 2/3 સભ્યોથી પસાર કરવામાં આવે તો પ્રસ્તાવ પસાર થયાની તારીખથી ત્રણ દિવસ પછી પ્રમુખ કે ઉપપ્રમુખ હોદ્દો ધરાવતા બંધ થશે.

→ આ કામગીરી માટે બોલાવેલ બેઠકમાં પ્રમુખ કે ઉપપ્રમુખ અધ્યક્ષસ્થાને રહી શકશે નહીં, જો કે તેમને બોલાવાનો કે મત આપવાનો અધિકાર રહેશે.

→ અવિશ્વાસ પ્રસ્તાવ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદ આવી બેઠક બોલાવવાની રહેશે.

→ જો પ્રમુખ આવી બેઠક બોલાવવામાં નિષ્ફળ થાય તો જિલ્લા વિકાસ અધિકારી વિકાસ કમિશનરને રિપોર્ટ કરશે, અને આવો રિપોર્ટ મળ્યાની તારીખથી 15 દિવસમાં બેઠક બોલાવવાની રહેશે.

## ▶▶ સભ્યો, ઉપપ્રમુખ અને પ્રમુખ રાજીનામું:

→ પંચાયતનો કોઈ સભ્ય પ્રમુખને રાજીનામું આપીને હોદ્દા પરથી છૂટો થઈ શકશે. પ્રમુખને રાજીનમું મળ્યાની તારીખથી અમલમાં આવશે.

→ ઉપપ્રમુખ પંચાયતને લેખિતમાં રાજીનામું આપીને હોદ્દા પરથી છૂટો થઈ શકશે, પરંતુ પંચાયત તેને મંજૂર ન કરે ત્યાં સુધી અમલમાં આવશેનહીં.

→ જિલ્લા પંચાયતના પ્રમુખ પોતાનું રાજીનામું વિકાસ કમિશનરને આપે છે.

→ રાજીનામા અંગેની તકરાર માટે તારીખથી ત્રીસ દિવસની અંદર પંચાયત સચિવને લેખિતમાં રજૂઆત કરવાની રહેશે.

## ▶▶ પંચાયતના સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા બાબત :

→ પંચાયતનો કોઈ સભ્ય, ઉપપ્રમુખ કે પ્રમુખને ફરજ અદા કરવામાં નિષ્ફળ નીવડે, સત્તાનો દુરુપયોગ કરે તો યોગ્ય કાર્યવાહી કરીને વિકાસ કમિશનર તેમને હોદ્દા પરથી દુર કરી શકશે.

## ▶▶ જિલ્લા પંચાયતોની બેઠકો :

→ જિલ્લા પંચાયતની સામાન્ય બેઠક દર ત્રણ માસે ભરવી પડે.

→ જો પંચાયતના 1/3 સભ્યો લેખિત વિનંતી કરે તો જિલ્લા પંચાયતની બેઠક ગમે ત્યારે બોલાવી શકાશે.

## ▶▶ જિલ્લા પંચાયતની સમિતિઓ :

→ જિલ્લા પંચાયતની સમિતિઓનો ઉલ્લેખ ‘પંચાયતની સમિતિઓ’ પ્રકરણમાં કરેલ છે.

## ▶▶ જિલ્લા ફંડ :

→ દરેક જિલ્લામાં એક ફંડ રહેશે જે જિલ્લા ફંડના નામે ઓળખાશે, જેમાં નીચેની રકમો જમા કરાય છે.

→ કર અને ફીની આવક

→ રાજ્ય સરકારે આપેલ ફાળાની રકમો

→ રાજ્ય સરકાર પાસેથી લાધેલ લોન

→ જિલ્લા પંચાયતને મળેલ બક્ષિસ ફાળાની રકમ

→ જિલ્લા પંચાયતની કોઈ મિલકતમાંથી થતી આવક કે ઊપજ

## ▶▶ જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડ :

→ દરેક જિલ્લા પંચાયતમાં ‘જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડ’ સ્થાપવામાં આવશે.

→ જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડમાં રાજ્ય સરકાર/ કેન્દ્ર સરકાર તરફથી કુટુંબ કલ્યાણના કાર્યક્રમ હેતુ મળેલ બક્ષિસની રકમ, પંચાયતે ગોઠવેલા મનોરંજનના કાર્યક્રમની આવક અને કુટુંબ કલ્યાણ સીલના વેચાણની આવકનો સમાવેશ થાય છે.

→ આ ફંડનો ઉપયોગ જિલ્લા કુટુંબ કલ્યાણ કાર્યક્રમ માટે કરવાનો રહેશે.

→ વધારાના ફંડનો ઉપયોગ ઠરાવ કરીને તેનું રોકાણ કરી શકાશે.

## ▶▶ જિલ્લા વિકાસ અધિકારી

→ દરેક જિલ્લામાં જિલ્લા પંચાયત માટે એક સેક્રેટરી રહેશે.

→ પંચાયત હેઠળ મુકાયેલ જિલ્લા વિકાસ અધિકારી હોદ્દાની રૂએ જિલ્લા પંચાયતના સેક્રેટરી તરીકે ફરજ બજાવશે.

### જિલ્લા વિકાસ અધિકારીની ફરજો અને કાર્યો

(1) જિલ્લા પંચાયતના અધિકારીઓ/કર્મચારીઓની ફરજ નક્કી કરવી.

(2) અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરી પર દેખરેખ રાખવી.

(3) જિલ્લા પંચાયતની દરેક પ્રવૃત્તિના અમલ બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખશે.

(4) પંચાયત તેમજ સમિતિઓ અંગેના પત્રકો, કાગળો, દસ્તાવેજો કસ્ટડીમાં રાખશે.

(5) હિસાબની બાબતમાં દફ્તરો પર દેખરેખ અને નિયંત્રણ રાખશો.

(6) પંચાયતની સઘળી વિકાસ યોજનાઓના ત્વરિત અમલ માટે જરૂરી પગલાં લેવાં.

(7) જિલ્લા પંચાયતની બેઠક માટેની નોટીસ અને એજન્ડા તૈયાર કરવો.

(8) જિલ્લા પંચાયતના સેક્રેટરી તરીકે ફરજો બજાવવી.

### જિલ્લા વિકાસ અધિકારીની સત્તાઓ

(1) જિલ્લા પંચાયક કે કોઈપણ સમિતિની બેઠકમાં હાજર રહેવાનો.

(2) પંચાયતના અધિકારી/કર્મચારીઓ પાસેથી ખુલાસો માંગવાનો અધિકાર.

(3) પંચાયતના કર્મચારીની રજા મંજૂર કરવાની સત્તા.

(4) અધિકારી કે કર્મચારીની નિમણૂક કરવાની સત્તા.

(5) તાબા હેઠળના કર્મચારીઓના ગુપ્ત અહેવાલ લખવા.

(6) પંચાયત સમિતિના ફંડમાંથી નાણા ઉપાડવા અને ખર્ચવાનો અધિકાર.

(7) તાલુકા પંચાયતની પ્રથમ બેન્કની તારીખ નક્કી કરવાનો અધિકાર.

(8) તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં અધ્યક્ષસ્થાન નક્કી કરવાનો અધિકાર.

(9) ફરજમાં કસૂર બદ્ધ તાલુકા પંચાયતના પદ પર દૂર કરવાનો અધિકાર, તાલુકા પંચાયતના પ્રમુખ/ઉપપ્રમુખને હોદ્દા પરથી દૂર કરવાનો અધિકાર.

## 6. પંચાયતની સમિતિઓ

### ગ્રામ પંચાયતની સમિતિઓ

(અ) ફરજિયાત બનાવવાની સમિતિઓ

(1) સામાજિક ન્યાય સમિતિ અને

(2) પાણી સમિતિ

(બ) મરજિયાત સમિતિ : કારોબારી સમિતિ

### (1) સામાજિક ન્યાય સમિતિ :

→ સભ્ય સંખ્યા પાંચથી વધુ નહીં, મુદત ગ્રામ પંચાયતના જેટલી જ

### સમિતિની રચના :

(1) વાલ્મીકિ કે સફાઈ કામદાર જાતિનો એક સભ્ય, જો ચૂંટાયેલ સભ્ય ન હોય તો ગ્રામ પંચાયતમાં સદસ્ય ચૂંટાવવાની લાયકાત ધરાવવા પંચાયત વિસ્તારના સદસ્યને કો-ઓપ્ટ કરી શકાય.

(2) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો અનામત બેઠક પરથી ચૂંટાયેલ સદસ્ય જેમાં એક સ્ત્રી સભ્ય હોવી જરૂરી છે. જો ચૂંટાયેલ સદસ્ય ન મળે તો અને સમિતિ માટે જરૂરી સભ્યસંખ્યા ખૂટતી હોય તો પંચાયતમાં ચૂંટવવાની લાયકાત ધરાવતા આ જાતિના સભ્યને કો-ઓપ્ટ કરી શકાય.

→ આવા કો-ઓપ્ટ સભ્યો મત આપી શકે છે તેમજ સમિતિના અધ્યક્ષ પણ થઈ શકે છે.

→ આ સમિતિ અનુસીચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સહિત અન્ય નબળા વર્ગના લોકોને સામાજિક ન્યાય મળે તેવા કાર્યો જેવાં કે નબળા વર્ગો માટે પીવાનું પાણી, ગૃહનિર્માણ, દીવાબત્તીની સગવડ, ન્હાવા-ધોવાની સગવડ, શિક્ષણની સુવિધાઓ, સામાજિક-નૈતિક કલ્યાણ, નશાબંધી, અસ્પૃશ્યતા નિવારણ, રૂશ્વત અને જુગાર નાબૂદી, બાળકલ્યાણ, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સહકારી પ્રવૃત્તિઓ તેમજ જાહેર સ્થળોમાં પછાત વર્ગોના લોકો પ્રત્યે ભેદભાવ ન થાય તેવાં કાર્યો કરશે.

→ સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ વ્યક્તિ 60 દિવસની અંદર તાલુકા વિકાસ અધિકારીને અપીલ કરી શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ પંચાયતને પોતાનું રાજીનામું સમિતિમાંથી સભ્ય કે અધ્યક્ષપદેથી રાજીનામું આપી શકશે.

→ ગ્રામ પંચાયતે સામાજિક ન્યાય સમિતિ બનાવવી ફરજિયાત છે.

→ સમિતિની સભા ઓછામાં ઓછી ત્રણ માસમાં એકવાર ભરવી.

→ ગણપૂર્તિ માટે 1/3 સભ્યો અથવા ત્રણ સભ્યો - બેમાંથી જે વધુ હોય તે.

**(2) કારોબારી સમિતિ :**

→ ગ્રામ પંચાયતની આ મરજિયાત સમિતિ છે.

→ સભ્ય સંખ્યા 5, મુદત બે વર્ષ, સમિતિની મુદત પૂરી થયા પછી ફરીથી રચના થઈ શકશે, પરંતુ પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થશે.

→ સમિતિની પાંચ સભ્યોમાં એક સભ્ય અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ અને એક સભ્ય સ્ત્રી હોવી જોઈએ.

→ કારોબારી સમિતિને પંચાયત જે કાર્યો સોંપે તે કરવાનાં રહેશે, તે માટે પંચાયતે ઠરાવ કરવાનો રહેશે.

→ સમિતિની બેઠક ઓછામાં ઓછી ત્રણ મહિનામાં એક વાર મળશે.

→ જો સરપંચ કે ઉપસરપંચ સમિતિના સદસ્ય હશે તો તે સરપંચ હોદ્દાની રૂએ અધ્યક્ષ ગણાશે, જો સરપંચ ન પાડે તો ઉપસરપંચ અધ્યક્ષ ગણાશે અને જો બન્ને અધ્યક્ષ તરીકે રહેવાની ના પાડે તો સમિતિમાંથી એક સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવશે.

**(3) પાણી સમિતિ :** પંચાયત વિભાગના તા. 24-10-2002ના ઠરાવથી ગ્રામપંચાયતમાં પાણી સમિતિ ફરજિયાતપણે બનાવવાનું ઠરાવવામાં આવ્યું છે.

→ સભ્ય સંખ્યા : 10 થી 12, આ પૈકી ઓછામાં ઓછા 1/3 સભ્યો મહિલા સભ્યો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે તેમની વસતિના પ્રમાણમાં અનામત બેઠકો રાખવાની રહેશે, જો વસતિના પ્રમાણમાં એક પણ મળવાપાત્ર ન હોય તો, આ જાતિની વસતિ હોય તો દરેકમાંથી ઓછામાં ઓછી એક બેઠક અનામત રાખવી.

→ સરપંચ અને પંચાયત ઠરાવે તેવા પંચાયતના ઉપસરપંચ સહિત ચાર સભ્યો, આ પાંચ સભ્યો પૈકી એક સ્ત્રી માટે, બે અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ અથવા સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના હોવા જોઈએ.

→ ગ્રામ પંચાયત વિસ્તારના સ્થાનિક રહેવાસીઓ જેઓ મતદાર હોય તેમાંથી રજિસ્ટર્ડ થયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે સહકારી મંડળી, યુવક મંડળ, ખેડૂત મંડળ, મહિલા મંડળ વગેરેના 2 થી 3 સભ્યો.

→ સમિતિમાં સહકાર આપી શકે તેવા ગામના આરોગ્ય કાર્યકર, શિક્ષક, આંગણવાડી કાર્યકર, ગ્રામસેવક, તલાટી કમ મંત્રી, પાણી પુરવઠા બોર્ડ જે નિયુક્ત કરે તે પ્રતિનિધિઓ, સમિતિના કાયમી આમંત્રિત ગણાશે. તેઓ સમિતિમાં ભાગ લઈ શકશે, પણ મતાધિકાર ધરાવશે નહિ.

→ તલાટી કમ મંત્રી સમિતિના મંત્રી તરીકે રહેશે.

→ સમિતિની મુદત બે વર્ષની રહેશે.

→ આ સમિતિ પીવાના પાણી, જળસ્રોતની

જાળવણી, પાણીની પાઈપલાઈન, પાણીની ટાંકીઓની નિયમિત સફાઈ તેમજ, પાણી વેરાની નિયમિત વસૂલાત, શોષખાડા પાણી વિતરણ તેમજ આ કામગીરીને વેગ આપવા માટે સંબંધિત સંસ્થાઓ પાસેથી આર્થિક સહાય મેળવવાના પ્રયાસો અને કામગીરી કરશે.

**અન્ય સમિતિઓ :** ઉપરોક્ત સમિતિઓ ઉપરાંત પંચાયતને જરૂર લાગે તો બીજી એક અથવા તેથી વધુ સમિતિઓ સરકારની પૂર્વમંજૂરી લઈને રચી શકાશે. આ સમિતિઓની સભ્યસંખ્યા તથા મુદત પંચાયત ઠરાવે તે પ્રમાણે કરશે.

## તાલુકા પંચાયતની સમિતિઓ :

→ તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ આ બે સમિતમિઓની રચના ફરજિયાત છે.

→ પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ સમિતમિનો અધ્યક્ષ બની શકશે નહીં.

→ સમિતિના સભ્યો પોતાનામાંથી કોઇ એકને સમિતિના અધ્યક્ષ ચૂંટી કાઢશે. પરંતુ જો પ્રમુખ કે ઉપપ્રમુખ સમિતિના સભ્ય હશે તો પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ બનશે અને પોતે અધ્યક્ષ થવાની ના પાડે તો ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ થશે અને જો બન્ને અધ્યક્ષ થવાની ના પાડે તો સમિતિના કોઈ સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવશે.

→ સમિતિનો અધ્યક્ષ કે સદસ્ય પંચાયતને રાજીનામું આપીને અધ્યક્ષ કે સભ્યપદેથી રાજીનામું આપી શકશે.

### (1) કારોબારી સમિતિ :

→ સભ્યસંખ્યા વધુમાં વધુ નવ અને ઓછામાં ઓછા પાંચ સભ્યો, મુદત બે વર્ષ.

→ તાલુકા પંચાયત કરોબારી સમિતનિ જે સત્તા, કાર્યો અને ફરજો સોંપે તે માટે કારોબારી સમિતિએ તે પ્રમાણે કામગીરી કરવાની છે અને આ માટે તાલુકા પંચાયતે ઠરાવ કરવો જોઈએ. માત્ર સમિતિની રચના કરવાથી જ સમિતિને અધિકાર મળી જતો નથી.

→ કારોબારી સમિતિ વધુમાં વધુ બે પેટાસમિતિઓ રચી શકશે, પરંતુ તેને કોઈ બાબતમાં આખરી નિર્ણય કરવાની સત્તા નથી.

→ સમિતિના નિર્ણયથી નારાજ વ્યક્તિ તાલુકા પંચાયતને અપીલ કરી શકશે.

→ કરોબારી સમિતિની પ્રથમ બેઠકમાં સમિતિના અધ્યક્ષની ચૂંટણી કે પસંદગી થાય છે. આવી બેઠક બોલાવવાનો અધિકાર તાલુકા વિકાસ અધિકારીને છે.

→ તાલુકા વિકાસ અધિકારી સમિતિના મંત્રી તરીકે રહેશે.

### (2) સામાજિક ન્યાય સમિતિ :

→ સામાજિક સભ્ય સંખ્યા - 5 અને મુદત પંચાયતના જેટલી જ.

→ સમિતિની રચના : પંચાયતના ચૂંટાયેલા સદસ્યોમાંથી નીચે પ્રમાણે પસંદગી કરવામાં આવશે.

(1) વાલ્મીકિ/સફાઈ કામદાર જાતિનો એક સભ્ય અને જો પંચાયતમાં આવો ચૂંટાયેલ સભ્ય ન હોય તો પંચાયતમાં ચૂંટાવવાની લાયકાત ધરાવનાર આ જાતિના સભ્યને કો-ઓપ્ટ કરી શકાશે.

(2) બાકીના સભ્યોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાંથી ચૂંટાયેલા પંચાયતના સદસ્યોમાંથી નીમાશે અને તેમાં ઓછામાં ઓછી એક વ્યકિત તે જાતિની સ્ત્રી સભ્ય હશે. જો આવા સભ્યો પંચાયતમાં પૂરતા પ્રમાણમાં ચૂંટાયા ન હોય તો બાકીના સભ્યો જે પંચાયતમાં ચૂંટાવવાની લાયકાત ધરાવે છે તેમાંથી કો-ઓપ્ટ કરી શકાશે.

→ સમિતિના કો-ઓપ્ટ સભ્ય/સભ્યોને મતાધિકાર છે પરંતુ તેઓ સમિતિના અધ્યક્ષ બની શકે નહીં

→ આ સમિતિનું કાર્ય અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમ જ નબળા

વર્ગોના લોકોનો સામાજિક ન્યાય મળે, તેમનો સામાજિક આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય તેમજ જાહેર સ્થળોએ તેમના પ્રત્યે ભેદભાવપૂર્ણ વર્તન ન થાય તે જોવાનું છે.

→ સામાજિક ન્યાય સમિતિનાં કાર્યો અને ફરજો નિયમોથી નક્કી કરેલ હોવાથી તાલુકા પંચાયત પાછાં ખેંચી શકતી નથી.

→ સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ વ્યક્તિ 60 દિવસોમાં જિલ્લાની સામાજિક ન્યાયસમિતિને અપીલ કરી શકશે.

→ સમિતિના અધ્યક્ષ કે સભ્ય તાલુકા પંચાયતને રાજીનામું આપીને છૂટા થઇ શકશે.

→ સમિતિને બેઠક વર્ષમાં ઓછામાં ઓછા ચાર વખત એટલે દર ત્રણ મહિને બોલાવવી પડે છે.

**(3) અન્ય સમિતિઓ :**

→ જો તાલુકા પંચાયતને આવશ્યક લાગે તો કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ ઉપરાંત બીજી એક કે વધુ સમિતિઓ રચી શકશે.

→ સમિતિની રચના માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી જરૂરી છે.

→ આવી સમિતિની સભ્યસંખ્યા વધુમાં વધુ પાંચની રહેશે.

→ સમિતિની મુદત એક વર્ષની રહેશે.

**(4) જિલ્લા આયોજન સમિતિની તાલુકાવાર પેટાસમિતિ :**

→ જિલ્લા આયોજન સમિતિને મદદરૂપ થવા માટે ઓછામાં ઓછા સાત સભ્યોવાળી તાલુકાવાર પેટાસમિતિની રચના કરવામાં આવશે.

→ સમિતિની રચના

(1) અધ્યક્ષ : તાલુકા પંચાયતના પ્રમુખ

(2) ઉપાધ્યક્ષ : પ્રાંત અધિકારી/નાયબ જિલ્લા વિકાસ અધિકારી

(3) સભ્યો : તાલુકાના ધારાસભ્યો

(4) સભ્ય : તાલુકામાંથી ચૂંટાયેલ જિલ્લા પંચાયતનો સદસ્ય

(5) સભ્ય : સામાજિક ન્યાય સમિતિનો અધ્યક્ષ

(6) સભ્ય : મામલતદાર

(7) સભ્ય : તાલુકા વિકાસ અધિકારી

**▶▶ જિલ્લા પંચાયતની સમિતિઓ :**

→ જિલ્લા પંચાયતમાં નીચેની સમિતિઓની ફરજિયાત રચના કરવાની હોય છે.

(1) કારોબારી સમિતિ

(2) સામાજિક ન્યાય સમિતિ

(3) શિક્ષણ સમિતિ

(4) જાહેર આરોગ્ય સમિતિ

(5) જાહેર બાંધકામ સમિતિ

(6) અપીલ સમિતિ

(7) વીસ મુદ્દાના કાર્યક્રમના અમલ અને તેની સમીક્ષા માટેની સમિતિ

→ સામાજિક ન્યાય સમિતિ અને શિક્ષણ સમિતિની મુદત પંચાયતના જેટલી એટલે કે પાંચ વર્ષની રહેશે. બાકીની સમિતિની મુદત બે વર્ષની રહેશે.

→ દરેક સમિતિના સભ્યો પોતાનામાંથી સમિતિના અધ્યક્ષને ચૂંટશે, પરંતુ જો પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખ સમિતિમાં હશે તો પ્રમુખ હોદ્દાની રૂએ અધ્યક્ષ બનશે, જો પ્રમુખ ન પાડે તો ઉપપ્રમુખ અને બન્ને ના પાડે તો સમિતિનો કોઈપણ સભ્ય પ્રમુખ બની શકશે.

→ પંચાયતનો ચૂંટાયેલો સદસ્ય ન હોય તેવી કોઈપણ વ્યક્તિ કોઈપણ સમિતિના અધ્યક્ષ બની શકશે નહિ.

→ પંચાયતનો કોઈપણ સદસ્ય બેથી વધુ સમિતિઓના સભ્ય થઈ શકશે નહિ.

→ પંચાયતના પ્રમુખ અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ બંને હોદ્દા પર એકી સાથે રહી શકતો નહીં.

→ સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને લાયક રહેશે.

→ કોઈ સભ્ય કે અધ્યક્ષ પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સભ્ય કે અધ્યક્ષપદેથી રાજીનામું આપી શકશે

→ કોઈ સમિતિને નહીં સોંપાયેલા કાર્યો અને ફરજો અને સત્તા જિલ્લા પંચાયત પોતે વાપરશે અને બજાવશે.

**(1) કારોબારી સમિતિ :**

→ સભ્ય સંખ્યા વધુમાં વધુ નવ અને મુદત બે વર્ષ, પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થશે.

→ કારોબારી સમિતિ નાણાં, ગ્રામરક્ષકો અને ગ્રામસંરક્ષણને લગતાં કાર્યો તેમજ બીજી કોઈ સમિતિને નહીં સોંપાયેલા કાર્યો કરશે.

→ કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી બે પેટા સમિતિઓ રચી શકશે, પણ તે કોઈ બાબતમાં આખરી નિર્ણય લઈ શકશે નહિ.

**(2) સામાજિક ન્યાય સમિતિ :**

→ સભ્ય સંખ્યા - 5, મુદત 5 વર્ષ કે પંચાયતના જેટલી જ.

**સમિતિની રચના :**

(1) વાલ્મીકિ/સફાઈ કામદાર જાતિનો એક સભ્ય

(2) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ત્રણ સભ્યો

(3) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના મહિલા સભ્ય

→ જો ઉપરોક્ત જ્ઞાતિના ચૂંટાયેલા સભ્યો ન હોય તો જિલ્લા પંચાયતમાં ચૂંટાવવાની લાયકાત ધરાવતા મતદારોમાંથી આ અનામત જાતિના સભ્યોને સમિતિમાં કો-ઓપ્ટ કરી શકાય.

→ કોપ્ટ થયેલા સભ્યોને મતાધિકાર નથી તેમજ તે સમિતિના અધ્યક્ષ ન બની શકે.

→ સામાજિક ન્યાય સમિતિનું કાર્ય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમજ સમાજના નબળા વર્ગના લોકોને સામાજિક ન્યાય મળે તેમજ જાહેર સ્થળોમાં આ જાતિના લોકો પ્રત્યે ભેદભાવપૂર્ણ વર્તન ન થાય તે જોવાનું છે.

→ સામાજિક ન્યાયિ સમિતિના નિર્ણય સામે જિલ્લા પંચાયતની અપીલ સમિતિ સમક્ષ અપીલ થઈ શકતી નથી, સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ રાજ્ય સરકારને 60 દિવસની મર્યાદામાં અપીલ કરી શકશે.

→ જિલ્લા પંચાયત આ સમિતિમાં કોઈ કાર્યો, સત્તા કે ફરજોમાં ફેરફાર કરી શકશે નહીં.

**(3) શિક્ષણ સમિતિ :** સભ્ય સંખ્યા - 7 થી 9, મુદત - પંચાયતના જેટલી જ.

**સમિતિની રચના :**

(અ) પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી

(1) અનુસૂચિત જાતિનો એક સભ્ય

(2) અનુસૂચિત જનજાતિનો એક સભ્ય

(3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો એક સભ્ય

જો ઉપરમાંથી કોઈ સભ્ય ન મળે તો પંચાયતના બીજા સભ્યોને નિયુક્ત કરી શકાય.

(બ) જિલ્લામાંથી મતદારયાદીમાં નામ ધરાવતા દસ વર્ષથી વધુ શૈક્ષણિક સંસ્થાનો અનુભવ ધરાવતા સ્નાતકમાંથી બે સભ્યો.

→ સમિતિ જિલ્લા પંચાયતની શિક્ષણને લગતી તમામ સત્તા વાપરશે પરંતુ સર્વોપરિતા જિલ્લા પંચાયતની રહેશે.

→ આ સમિતિને જિલ્લા પંચાયતની સંપૂર્ણ સત્તા સુપ્રત છે છતાં તેના નિર્ણયની સામે જિલ્લા પંચાયતની અપીલ સમિતિને અપીલ થઈ શકશે.

**(4) જાહેર આરોગ્ય સમિતિ :**

→ સભ્ય સંખ્યા 5, મુદત બે વર્ષ, પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થશે.

→ આ સમિતિ જાહેર આરોગ્ય, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, સફાઈ, પાણી પુરવઠો, શીતળા અને કુટુંબ નિયોજનને લગતાં જિલ્લા પંચાયત સોંપે તેવાં કાર્યો અને તેવી

સત્તાઓ વાપરશે.

**(5) જાહેર બાંધકામ સમિતિ :**

→ સભ્ય સંખ્યા - 5, મુદત બે વર્ષ, પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂરી થશે.

→ આ સમિતિ જાહેર બાંધકામો, વ્યવહારનાં સાધનો, મકાનો, ગામડાંના ઘરોનાં બાંધકામ અને કુદરતી આફતો સામે રાહતને લગતાં કાર્યો તેમજ જિલ્લા પંચાયત જે સત્તા અને ફરજો સોંપે તે અદા કરશે.

**(6) અપીલ સમિતિ**

→ સભ્ય સંખ્યા, જિલ્લા પંચાયતના પ્રમુખ સિવાય અન્ય ચાર સભ્યો.

→ મુદત બે વર્ષ, પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પૂરી થશે.

→ જિલ્લા પંચાયતના સમિતિના સેક્રેટરી માટે પંચાયતના કોઈ અધિકારીને નીમશે.

→ અપીલ સમિતિની બેઠક સમિતિના અધ્યક્ષ નક્કી કરે તે સમયે અને સ્થળે મળશે, પરંતુ બેઠક અંગેની માહિતી સમિતિના સદસ્યોને ઓછામાં ઓછા બે દિવસ અગાઉ નોટિસથી જણાવવાની રહેશે.

→ સામાજિક ન્યાય સમિતિના નિર્ણય સિવાય જિલ્લા પંચાયતની અન્ય કોઈપણ સમિતિના નિર્ણય વિરુદ્ધ અપીલ સમિતિને અપીલ કરી શકાય છે.

→ સમિતિના ત્રણ સભ્યો હાજર હોય ત્યારે સુનવણી થઈ શકે.

**(7) વીસ મુદ્દા અમલીકરણ સમિતિ**

→ સભ્ય સંખ્યા, જિલ્લા પંચાયતના પ્રમુખ સિવાય અન્ય ચાર સભ્યો.

→ મુદત બે વર્ષ, પંચાયતની મુદત પૂરી થતાં સમિતિની મુદત પણ પૂર્ણ થશે.

→ પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ ગણાશે.

→ પ્રધાનમંત્રીના વીસ મુદ્દાના આર્થિક કાર્યક્રમનો પંચાયત દ્વારા અમલ કરવા માટે આ સમિતિની રચના કરવામાં આવે છે.

→ તા. 1-4-1987થી વીસ મુદ્દાનો કાર્યક્રમ ગુજરાતમાં અમલી બન્યો છે.

→ વીસ મુદ્દાઓની યાદી

(1) ગ્રામીણ ગરીબાઈનો પ્રતિકાર
(2) વરસાદ આધારિત કૃષિ માટેની વ્યૂહરચના
(3) સિંચાઈના પાણીનો વધુ સારો ઉપયોગ
(4) મબલખ પાક
(5) જમીન સુધારણાનો અમલ
(6) ગ્રામીણ મજૂરો માટે ખાસ કાર્યક્રમ
(7) પીવાનું સ્વચ્છ પાણી
(8) સર્વ માટે આરોગ્ય
(9) બે બાળકોનો આદર્શ
(10) શિક્ષણનું વિસ્તૃતીકરણ
(11) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને ન્યાય
(12) મહિલાઓ માટે સમાનતા
(13) યુવાનો માટે નવી તકો
(14) લોકો માટે રહેણાંકની સુવિધા
(15) ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સુધારો
(16) વનીકરણ માટે નવી વ્યૂહરચના
(17) પર્યાવરણનું રક્ષણ
(18) ગ્રાહકોના હિતોની રક્ષા
(19) ગામો માટે ઊર્જા
(20) જવાબદાર વહીવટીતંત્ર

**અન્ય સમિતિઓ :** જિલ્લા પંચાયતને જરૂર લાગે તો નીચેની વધારાની સમિતિઓ રચી શકશે તે માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીની આવશ્યકતા નથી.

(1) ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ

→ સભ્ય સંખ્યા : પ્રમુખ ઉપરાંત અન્ય ચાર સભ્યો

→ મુદત - એક વર્ષ

→ પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ ગણાશે.

(2) મહિલા બાળકલ્યાણ અને યુવા પ્રવૃત્તિ સમિતિ

→ સભ્ય સંખ્યા પ્રમુખ ઉપરાંત અન્ય ચાર



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સદસ્યો

→ મુદત એક વર્ષ

→ પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ ગણાશે

**નોંધ :** આવી સમિતિઓની રચના થયા પછી સમિતિઓનાં નામ, બાયોડેટા સહિતની માહિતી વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરને અને અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામ-ગૃહ નિર્માણને નામજોગ તાત્કાલિક મોકલી આપવાની રહેશે.

(3) વલસાડ, સુરત અને ભરૂચ જિલ્લા પંચાયતોને જરૂર લાગે તો ઉપરોક્ત સમિતિ ઉપરાંત 'હળપતિ અને ભૂમિહન ખેતમજૂરોની આવાસ બાંધકામ સમિતિ'ની રચના કરી શકાશે.

→ સભ્ય સંખ્યા : પ્રમુખ ઉપરાંત અન્ય ચાર સભ્યો

→ મુદત : એક વર્ષ

→ જિલ્લા પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ

### ▶▶ જિલ્લા આયોજન સમિતિ :

સમગ્ર જિલ્લાની વિકાસ યોજના માટે જિલ્લા પંચાયતના સદસ્યો અને જિલ્લાની નગરપાલિકાઓના સદસ્યોની બનેલી એક જિલ્લા આયોજન સમિતિની રચના કરવામાં આવે છે.

→ સભ્ય સંખ્યા : 30 થી 50

(1) અધ્યક્ષ : જિલ્લાના પ્રભારી મંત્રી

(2) ઉપાધ્યક્ષ : જિલ્લા પંચાયતના પ્રમુખ

(3) સભ્યો :

(1) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના જિલ્લા પંચાયતના અને નગરપાલિકા વિસ્તારની વસતિના પ્રમાણમાં, જિલ્લા પંચાયતના અને નગરપાલિકાના સદસ્યો.

(2) નિયુક્ત સભ્યો : આયોજન નિષ્ણાત, એન્જિનિયરીંગ નિષ્ણાત, નાણાં વહીવટી નિષ્ણાત, સ્વૈચ્છિક/બિનસરકારી/ સ્વસહાયજૂથ નિષ્ણાત

(3) કાયમી આમંત્રિતો : જિલ્લાના ચૂંટાયેલ સંસદ સભ્યો/ વિધાનસભ્યો

(4) આમંત્રિતો : જિલ્લા કક્ષાના ખાતાઓના અધિકારો

(5) સમિતિના સચિવ : જિલ્લા કલેક્ટર

(6) સભ્ય સચિવ : જિલ્લા વિકાસ અધિકારી

(7) અધિક સભ્ય સચિવ : જિલ્લા આયોજન અધિકારી

→ દરેક તાલુકા માટે તાલુકાવાર પેટા સમિતિની રચના કરવાની રહેશે.

**7. વિભિન્ન કલ્યાણકારી યોજનાઓ :** ગ્રામ પંચાયતોએ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવતી સામાજિક વિકાસની વિભિન્ન યોજનાઓના અમલીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**(1) ઈન્દિરા આવાસ યોજના :** ગ્રામ્ય વિસ્તારોમાં ભૂમિહીન ખેતમજૂરોને મફ્ત પ્લોટ આપવાની યોજના ઈ.સ. 1972માં ઈન્દિરાગાંધી વડાપ્રધાન હતા ત્યારે શરૂ કરવામાં આવી હતી. ગુજરાત સરકારે આ યોજનાનો પ્રારંભ તા. 31-5-1972 થી શરૂ કર્યો હતો.

**(2) સરદાર આવાસ યોજના :** કેન્દ્ર સરકારની મફ્ત પ્લોટની ઈન્દિરા આવાસ યોજના જેવી ગુજરાત સરકારે તા. 10-4-1997 થી સરદાર આવાસ યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રૂા. 36,000/- સરકારી સહાય અને રૂા. 7000/-નો લોકફાળો નક્કી કરવામાં આવ્યો છે. આ યોજના માટે અગાઉ રૂા. 11,000/- ની વાર્ષિક આવક મર્યાદા હતી, તેના બદલે તા. 1-5-2001થી ગરીબી રેખા નીચે જીવતાં તમામ કુટુંબોને આમાં આવરી લેવામાં આવેલ છે. પોતાના માલિકીના પ્લોટમાં પણ મકાન બાંધવા આ યોજનાનો લાભ આપવાનું ઠરાવ્યું છે.

**(3) અભિનવ ગ્રામયોજના :** ઈ.સ. 1997-78માં તત્કાલીન રાજ્ય સરકારે ગામડામાં

શહેરો જેવી સુવિધા મળી રહે અને લોકોનું શહેરો તરફનું સ્થળાંતર અટકે તે હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત દરેક તાલુકામાંથી એક ગામ પસંદ કરીને પંચાયત ઘર, શાળાનો ઓરડો, કોમ્યુનિટી હોલ જેવી સુવિધાઓ પૂરી પાડવા રૂપિયા પચાસ હજાર સુધીની ગ્રાન્ટ આપવામાં આવતી હતી. જો કે યોજનાનો હેતુ સફળ ન થવાને લીધે અને જનતા સરકાર બદલવાથી યોજના બંધ થઇ ગઇ.

**(4) ગુજરાત ગૌરવગ્રામ એવોર્ડ :** ગુજરાત સરકારે તા. 29-7-2006 થી સારી કામગીરી કરનાર પંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા / જિલ્લા પંચાયતના પ્રમુખો, જિલ્લા વિકાસ અધિકારી અને નિયામક ગ્રામ વિકાસ એજન્સીને આપવાનું ઠરાવ્યું હતું.

**(5) સ્વસ્થ ગ્રામ - સ્વચ્છ ગ્રામ યોજના :** નિર્મળ ગુજરાત વર્ષ 2007ના અંતર્ગત આ યોજના માટે ઈ.સ. 2008-09 વર્ષમાં રૂપિયા એક લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

**(6) તીર્થગ્રામ યોજના :** ગુજરાત સરકારે તા. 21-7-2004 થી આ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.

→ વિકાસમાં અવરોધરૂપ બનતાં જ્ઞાતિવાદ, કોમવાદને અટકાવવા ગામમાં સદ્ભાવ, ભાઈચારો અને સામૂહિક એખલાસ જળવાઈ રહે તેમજ ઝઘડાનો નિકાલ ગ્રામ્યકક્ષાએ આવે તે હેતુથી આ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.

→ યોજનામાં ભાગ લેવા માટેનાં ધોરણો :

(1) છેલ્લા પાંચ વર્ષમાં ગામમાં નીચેના કાયદા પૈકી એકેય ગુનો નોંધાયો ન હોય. ફોજદારી ધારો, ક્રીમીનલ પ્રોસિજર કોડ, નાર્કોટિસ એક્ટ, જુગારધારો, બોમ્બે પ્રોહિબિશન એક્ટ.

(2) ધો-7 સુધી અધવચ્ચેથી અભ્યાસ છોડનારની સંખ્યા નહીવંત હોવી જોઈએ.

(3) ગ્રામના સ્થાનિક પ્રશ્નો અંદરઅંદરની સમજૂતીથી પતાવેલા હોવા જોઈએ.

(4) ગામમાં જ્ઞાતિ કે કોમનાં ધર્મસ્થાનો અંગે કોઈ વિવાદ હોવા ન જોઈએ.

(5) દલિત અને પછાત વર્ગના લોકો પ્રત્યે ભેદભાવ વગરનો વ્યવહાર થવો જોઈએ.

(6) ગામની સ્વચ્છતા જળવાય તેવા પ્રયાસો થયેલા હોવા જોઈએ.

(7) ખેતતલાવડી, બોરીબંધ દ્વારા જળસંચય અંગે સારી કામગીરી થયેલી હોવી જોઈએ.

(8) ગામમાં અસ્પૃશ્યતા ન હોવી જોઈએ.

(9) સમરસ ગ્રામપંચાયતોને અગ્રતા આપવામાં આવશે.

(10) સમીક્ષાના વર્ષમાં પણ ગામમાં કોઈ ફોજદારી ગુનો કે તકરાર હોવી ન જોઈએ.

→ તીર્થગ્રામ તરીકે પસંદ થયેલ ગામને રૂપિયા એક લાખ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

**(7) સમરસ ગામ પંચાયત યોજના :**

→ મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખપદે રહી ચુકેલા શ્રી રિખવદાસ શાહના અધ્યક્ષપદે યોજાયેલ સમિતિએ સરપંચ સહિત તમામ સભ્યો બિનહરીફ ચૂંટાય તો પંચાયતને યોગ્ય અનુદાન આપવાની ભલામણ કરી હતી.

→ આ ભલામણનો અમલ પંચાયત વિભાગે તા. 14-7-1992ના ઠરાવથી કર્યો.

→ તા. 30-10-1996ના ઠરાવથી સરપંચ સહિત તમામ સભ્યો બિનહરીફ ચૂંટાય તો રૂા. 2000નું અનુદાન આપવાનું ઠરાવ્યું.

→ પ્રવર્તમાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રમોદીએ સમરસ ગ્રામ પંચાયતોના નિર્માણમાં પ્રોત્સાહન મળે તે માટે પ્રોત્સાહક અનુદાન આપવાની જાહેરાત કરેલ છે.

→ તા. 29-10-2001ના ઠરાવથી 5000 સુધી વસતિ ધરાવતા ગામ માટે રૂા. 60,000/- અને તેની ઉપરની વસતિ ધરાવતા ગામ

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

માટે રૂા. 1,00,000/- ની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાનો ઠરાવ કરેલ છે.

→ વધુમાં પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ તેમજ ગ્રામ વિકાસ વિભાગના તા. 7-12-2006ના ઠરાવ પ્રમાણે સમરસ ગ્રામ પંચાયત અંગે વધારાની પ્રોત્સાહક ગ્રાન્ટની જોગવાઈ નીચે પ્રમાણે કરી છે :

(1) 5000ની વસતિ સુધી એક લાખ રૂપિયાનું અનુદાન અને તે પંચાયત સતત બીજી વાર સમરસ બને તો રૂા. 1,25,000/- ની ગ્રાન્ટ

(2) 5000થી વધુ વસતિવાળી ગ્રામ પંચાયત સમરસ બને તો રૂા. 1,50,000/- નું અનુદાન અને તે પંચાયત સતત બીજીવાર સમરસ બને તો રૂા. 1,87,500/- નું અનુદાન.

→ ડિસેમ્બર - 2011ના પ્રથમ તબક્કાથી જૂન-2004 સુધીના છઠ્ઠા તબક્કા સુધી ગુજરાતમાં કુલ 3,794 ગ્રામ પંચાયતો સમરસ બની હતી. અને તેમને 2,306:40 લાખ રૂપિયા અનુદાન ફાળવવામાં આવ્યા હતા.

→ નવસારી જિલ્લાના જલાલપુર તાલુકાની દાંડીગ્રામ પંચાયત સમરસ થયેલ છે અને તને ગેટ વે ઓફ ફ્રીડમ તરીકે ઓળખવામાં આવે છે.

→ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાની થાપણ ગ્રામ પંચાયત સમરસ થયેલ છે અને ત્યાં આર. ઓ. પ્લાન્ટ દ્વારા સમગ્ર ગામલોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે છે. આ ગ્રામપંચાયતને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ મળેલ છે.

## (8) ગોકુળ ગામ યોજના :

→ ગોકુળ ગામ યોજનાની શરૂઆત ભૂ.પૂ. મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે 1995-96માં શરૂ કરી હતી, વચગાળામાં આ યોજના બંધ પડી હતી, પરંતુ 1998-99થી તેને ફરીથી ચાલુ કરવામાં આવી હતી.

→ આ યોજના અંતર્ગત ગામને પાદરથી પંચાયતઘર સુધી પાકો રસ્તો, પીવાના પાણીની સુવિધાઓના કામો, સ્નાનઘર, તળાવ ઊંડા કરવા, પ્રાથમિક શાળાના ઓરડા, પંચાયત ઘર, ઉકરડાઓનું વૈકલ્પિક જગ્યાએ સ્થળાંતર, ગૌચરજમીનમાં વનીકરણ જેવા વિકાસના કામો હાથ ધરવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો.

→ આ માટેની નાણાકીય જોગવાઈ ગ્રામ વિકાસના ન્યુક્લિઅર ભંડોળ અને રાજ્ય સરકારના અન્ય સાધનોમાંથી કરવામાં આવી હતી.

→ યોજનાના કામો કરવાની સત્તા ગ્રામ સભાને આપવામાં આવી હતી.

→ કામોના અમલ માટે સરપંચની અધ્યક્ષતામાં અમલીકરણ સમિતિ રચવામાં આવી હતી. સમિતિમાં સામાજિક ન્યાય સમિતિનો સભ્ય, પ્રાથમિક શાળાના આચાર્ય, ગામના દાતા સભ્ય, ગામના વિકાસમાં રસ લેનાર બે પ્રબુદ્ધ નાગરિકો અને તાલુકા/જિલ્લા પંચાયતના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

→ આ યોજના અંતર્ગત પ્રત્યેક ગામને રૂા. પાંચ લાખ પ્રમાણે ત્રણ વરસ સુધી ગણતા કુલ પંદર લાખ રૂપિયા સુધીની રકમ ફાળવવામાં આવી હતી.

→ નિર્ધારિત સમયમાં બધા ગામોને આવરી ન લેતા, યોજના લંબાવવામાં આવી હતી.

## (9) ગ્રામવિકાસની યોજના :

→ ભારત સરકારની ગ્રામવિકાસની એજન્સી અંતર્ગત દરેક ગામમાં પાંચ ગ્રામમિત્રો નીમવાનો નિર્ણય વર્ષ 2007-08 માં લેવાયો હતો.

→ આ યોજના અંતર્ગત દરેક ગામમાં પાંચ ગ્રામમિત્રો - **ગ્રામમિત્ર વિકાસ, આરોગ્ય, કૃષિ, શિક્ષણ અને જનકલ્યાણ** ગ્રામમિત્રને માસિક રૂા. એક હજારથી નીમવાની જોગવાઈ છે. ગ્રામમાં દસ વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા અને 325 વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતા

યુવાનોને ગ્રામમિત્ર તરીકે પસંદ કરવામાં આવશે.

## (10) પંચવટી યોજના :

→ ગામડાનો નૈસર્ગિક માહોલ જળવાઈ રહે અને ગામડામાં લુપ્ત થતી ગ્રામ્ય વનસમૃદ્ધિનું જતન થાય તે હેતુથી ગુજરાત સરકારે તા. 11-09-2014ના ઠરાવથી પંચવટી યોજના અમલમાં મૂકી છે.

→ આ વાર્ષિક યોજના છે.

→ આ યોજનામાં રૂા. 50,000 /- ગ્રામપંચાયત દ્વારા લોકફાળો અને રાજ્ય સરકાર દ્વારા રૂા. 1,00,000 /- અનુદાનની જોગવાઈ છે.

→ ગ્રામ્ય વિસ્તારમાં ગામલોકોનું સુવિધાયુક્ત બાગબગીચા જેવી સુવિધા પૂરી પાડવાનો મુખ્ય હેતુ આ યોજનામાં સમાયેલો છે.

→ આ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને અમલીકરણ સમિતિ બનાવે છે અને ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રીના અધ્યક્ષ સાથે પેટાસમિતિની રચના કરેલ છે.

→ આ યોજના અંતર્ગત ગામની નિશાળ પાસે કે અન્ય નજીકમાં રાખેલ 2000 ચો.મી. જમીનમાં પીપળ, વડ, હરડે, આસોપાલવ, વેલ તથા અન્ય વૃક્ષો રોપવાની સૂચના છે. ગામની જમીનને અનુકૂળ આવે તેવા ફળાઉં વૃક્ષો પણ વાવી શકાય.

→ આ જગ્યાએ સ્વચ્છ પીવાના પાણીની સગવડ, બેસવા માટે બાંકડા તથા બાળકોના મનોરંજન માટે હીંચકા, લપસણી, ફેરફુદરડી વગેરે રમતગમતના સાધનો ઉપલબ્ધ કરાવવાના રહેશે.

→ પંચવટી યોજના અંતર્ગત ગ્રામજનોએ પંચવટીના બાગ બગીચા, વૃક્ષોનું જતન અને જાળવણી કરવાનો સંકલ્પ લેવાનો રહેશે.

## (11) નિર્મળ ગામ, સ્વચ્છ ગામ- સ્વસ્થ ગ્રામ યોજના

→ કેન્દ્ર સરકારે 1986 થી કેન્દ્રીય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ શરૂ કર્યો હતો.

→ ભારત સરકારે તા. 10-2-2004 થી સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ પંચાયતો દ્વારા અમલમાં મૂક્યો છે.

→ રાજ્ય સરકારે ગ્રામ સુખાકારીનો કાર્યક્રમ તા. 24-1-1999 થી અમલમાં મૂક્યો છે.

→ ભારત સરકારે 1999થી નિર્મળ ગામ પુરસ્કાર યોજના અમલમાં મૂકી છે.

→ ઈ.સ. 2004માં ગુજરાતમાંથી એક ગ્રામ પંચાયત નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે પસંદ થઈ હતી. ઈ.સ. 2005માં ચાર, ઈ.સ. 2006-2007માં રાજ્યની 381 પંચાયતોની પસંદગી થઈ હતી.

→ રાજ્ય સરકારે ઈ.સ. 2007ને નિર્મળ ગુજરાત વર્ષ તરીકે જાહેર કર્યું હતું.

→ ભારત સરકારે ઈ.સ. 2012 સુધી ગામડાંના તમામ કુટુંબોને શૌચાલયથી આવરી લેવાની નેમ રાખી છે.

## (12) ગ્રામ્ય સુખાકારી યોજના

→ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની ગ્રામ્ય સુખાકારી યોજનાઓના અમલ માટે તા. 21-4-2014 નો પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગનો ઠરાવ પસાર કર્યો છે. આ ઠરાવ હેઠળ રાજ્ય સરકાર પુરસ્કૃત ગ્રામ સુખાકારી યોજનાને રદ કરીને કેન્દ્ર પુરસ્કૃત ગ્રામ સુખાકારી યોજનાનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

→ આ યોજનાના અમલ માટે વિભિન્ન સ્તરની સમિતિઓ રચવામાં આવી છે.

### (1) રાજ્ય સ્તરનું જાહેર સુખાકારી મિશન (સ્ટેટ સેનિટેશન - મિશન - ગર્વનિંગ કાઉન્સિલ) :

(1) માન્યનીય મુખ્ય સચિવશ્રી - અધ્યક્ષશ્રી

(2) સચિવ અને કમિશનરશ્રી, ગ્રામ વિકાસ - સભ્યશ્રી

(3) સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ - સભ્યશ્રી

(4) સચિવશ્રી, પાણી પુરવઠા - સભ્યશ્રી



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

(5) સચિવશ્રી, શિક્ષણ - સભ્યશ્રી

(6) સચિવશ્રી, આરોગ્ય - સભ્યશ્રી

(7) સચિવશ્રી, માહિતી અને પ્રસારણ - સભ્યશ્રી

(8) સચિવશ્રી, મહિલા અને બાળવિકાસ - સભ્યશ્રી

(9) ભારત સરકારના પ્રતિનિધી - સભ્યશ્રી

(10) વહીવટી સંચાલક, ગુ. રાજ્ય ગ્રામ વિકાસ નિ. લિમિટેડ - સભ્યશ્રી

(11) પ્રોજેક્ટ-કો ઓર્ડિનેટર, કોમ્યુનિકેશન કેપેસેટી ડેવલપમેન્ટ યુનિટ (સી.સી.ડી.યુ.) - સભ્ય સચિવશ્રી

→ સમિતિનું મુખ્ય કાર્ય ગ્રામ સુખાકારી યોજનાનું અમલીકરણ, માર્ગદર્શન, સમીક્ષા, નિયંત્રણ અને યોજનાનો પ્રચાર પ્રસાર કરવાનું છે.

### (2) રાજ્યકક્ષાએ કાર્યક્રમ અમલીકરણ અને મોનેટરિંગ સમિતિ :

(1) સચિવ અને કમિશનર (ગ્રામ વિકાસ) - અધ્યક્ષ

(2) સચિવ અને કમિશનરશ્રી (મહિલા અને બાળ વિભાગ) - સભ્ય

(3) સચિવ અને કમિશનરશ્રી (પરિવાર કલ્યાણ વિભાગ) - સભ્ય

(4) કમિશનરશ્રી શિક્ષણ (શિક્ષણ વિભાગ) - સભ્ય

(5) વિકાસ કમિશનરશ્રી - સભ્ય

(6) નિયામકશ્રી (માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ) - સભ્ય

(7) રાજ્ય પ્રતિનિધિ (યુનિસેફ) - સભ્ય

(8) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી (નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ) - સભ્ય

(9) નિયામકશ્રી (પ્રાથમિક શિક્ષણ) - સભ્ય

(10) મેનેજિંગ ડિરેક્ટરશ્રી (ગુ.હા.ગ્રામ વિકાસ નિગમ લિ.) - સભ્ય

(11) પ્રોજેક્ટ-કો ઓર્ડિનેટર (કોમ્યુનિકેશન એન્ડ કેપેસિટ ડેવલપમેન્ટ યુનિટ - સીસીડીયુ) - સભ્ય સચિવશ્રી

→ સમિતિનું મુખ્ય કાર્ય રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની વખતોવખતની માર્ગદર્શક સૂચનાઓનું અમલીકરણ, જિલ્લા સમિતિઓને માર્ગદર્શન અને કાર્યક્રમના અમલીકરણ માટે સાનુકૂળતા ઉભી કરવાનું રહેશે.

### (3) જિલ્લા સુખાકારી સમિતિ : (ડિસ્ટ્રિક્ટ સેનિટેશન સમિતિ)

(1) જિલ્લા વિકાસ અધિકારી - અધ્યક્ષ

(2) નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી - સભ્ય / સચિવ

(3) જિલ્લા માહિતી અધિકારી - સભ્ય

(4) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિ. પંચાયત - સભ્ય

(5) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિ. પંચાયત - સભ્ય

(6) કાર્યાલય ઈજનેર, પાણી પુરવઠા બોર્ડ - સભ્ય

(7) જિલ્લા ગ્રામ સુખાકારી કાર્યક્રમ હેઠળ પસંદ થયેલ એક સંસ્થાનો પ્રતિનિધિ - સભ્ય

(8) પ્રોગ્રામ ઓફિસર - આઈસીડીએસ - સભ્ય

(9) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિ. પંચાયત - સભ્ય

(10) ટીએસસી પ્રોગ્રામ સંભાળતા પ્રો એપીએ - પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર

→ આ સમિતિનું મુખ્ય કાર્ય જિલ્લા માટે યોજનાઓ તૈયાર કરવી, યોજનાનું અમલીકરણ, તાલુકા સ્તરની સુખાકારી સમિતિની કામગીરીની સમીક્ષા અને માર્ગદર્શન, યોજનાના લાભાર્થીઓને માર્ગદર્શન તાલીમ વગેરે છે.

### (4) તાલુકા સુખાકારી સમિતિ :

(1) તાલુકા વિકાસ અધિકારી - અધ્યક્ષ

(2) તાલુકા મામલતદાર - સભ્ય

(3) પ્રોજેક્ટ ઓફિસર - સભ્ય

(4) સિનિયર હેલ્થ ઓફિસર - સભ્ય

(5) નાયબ ઈજનેરશ્રી, પાણી પુરવઠા બોર્ડ - સભ્ય

(6) વિસ્તરણ અધિકારી, શિક્ષણ - સભ્ય

(7) વિસ્તરણ અધિકારી, સમાજ કલ્યાણ - સભ્ય

(8) વિસ્તરણ અધિકારી, બાંધકામ - સભ્ય / સચિવશ્રી

→ આ સમિતિનું મુખ્ય કાર્ય ગ્રામ સુખાકારી સમિતિના કાર્યક્રમનું અમલીકરણ, કામગીરીની સમીક્ષા અને સંકલન, તાલુકામાં સ્વચ્છતા અંગે તાલીમ વગેરેનું છે.

**(5) ગ્રામ સુખાકારી સમિતિ (વિલેજ સેનિટેશન સમિતિ) :**

(1) સરપંચ / વહીવટદાર - અધ્યક્ષ

(2) ગ્રામ પંચાયતના ત્રણ સભ્યો (તે પૈકી એક મહિલા સભ્ય - સભ્યો, એક અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિનો સભ્ય)

(3) પ્રાથમિક શાળાનો મુખ્ય શિક્ષક - સભ્ય

(4) આંગણવાડી - બાલવાડી સંચાલિક - સભ્ય

(5) ચેરમેન દૂધ મંડળી / સેવા મંડળી - સભ્ય

(6) સ્વશક્તિ / સ્વનિર્ભર ગ્રુપનો પ્રતિનિધિ - સભ્ય

(7) વૉટરશેડ કાર્યક્રમ હેઠળ પીવાના પાણીના ઉપભોક્તા જૂથનો અધ્યક્ષ (અસ્તિત્વ હોય તો) - સભ્ય

(8) તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત - સભ્ય-સચિવ

→ આ સમિતિનું મુખ્ય કાર્ય ગ્રામસભા / પંચાયતની બેઠકમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજનાને લગતા કાર્યોનો સૂચક એજન્ડા રાખવો, લોકફાળાનું આયોજન કરવું, લોકફાળાના હિસાબો રાખવા, આરોગ્ય સુખાકારી અંગે જાગૃતિ લાવવી, યોજનાના બાંધકામની પ્રવૃત્તિઓ પર દેખરેખ તેમજ સામૂહિક ઉપયોગ માટેના શૌચાલયો તથા સુખાકારી સંકુલોની સારસંભાળ અને સંચાલન વ્યવસ્થા ગોઠવવી તે છે.

**(13) અન્ય યોજનાઓ :**

(1) કુંવરબાઈનું મામેરું યોજના - ગરીબી રેખાથી નીચેની વ્યક્તિઓને કન્યાના લગ્ન પ્રસંગે વાલીને રૂા. 2000 અને રૂા. 3000 ના બચત પ્રમાણપત્રો કન્યાને અપાય છે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીના સંપર્ક કરવાનો રહે છે.

(2) દસ કે વધુ સમૂહ લગ્ન સહાય : કોઈપણ પ્રકારની આવકની મર્યાદા વગર સમૂહલગ્ન આયોજન કરનાર સંસ્થાને રૂા. 1000 અને દંપતીને રૂા. 5000 ના નર્મદા યોજનાની 3 વર્ષની ડિપોઝીટના રૂપમાં આપવામાં આવે છે.

(3) ડો. સવિતા આંબેડકર આંતર જ્ઞાતીય લગ્ન સહાય : અનુસૂચિત જાતિ અને સવર્ણ વચ્ચે લગ્ન કરનાર દંપતીને રૂા. 30,000નાં બચતપત્રો અને ઘરવખરી માટે રૂા. 20,000ની એમ કુલ રૂા. 50,000ની સહાય કરવામાં આવે છે. કોઈ આવક મર્યાદા નથી.

(4) દીકરી રૂડી સાચી મૂડી એક દીકરી પ્રસૂતિ વખતે : એસ.સી. / એસ.ટી. બક્ષીપંચની દીકરીને એક પ્રસૂતિ વખતે રૂા. 500 અને પુત્રીના નામે રૂા. 2500 /- ના બચતપત્રોની સહાય અપાય છે.

(5) રાજા હરીશ્ચંદ મરણોત્તર અંત્યેષ્ઠી સહાય : અનુસૂચિત જાતિના લોકોને વાર્ષિક રૂા. 15,000 ની આવક ધરાવનારને વ્યક્તિના મરણ પ્રસંગે વ્યક્તિ દીઠ રૂા. 1000 ની સહાય આપવામાં આવે છે.

## 8. પંચાયતી રાજના અધિકારીઓ / કર્મચારીઓ

**⏩ પંચાયતીરાજનું વહીવટી તંત્ર**

⏩ પંચાયતી રાજમાં નાચેના મુજબનો અધિકારી / કર્મચારી ગણ હોય છે.

(1) વર્ગ - 1 ના અધિકારીઓ : જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, સહકારી મંડળીઓના જિલ્લા રજીસ્ટ્રાર, કાર્યપાલક ઈજનેર વગેરે.

(2) વર્ગ - 2 ના અધિકારીઓ : તાલુકા વિકાસ

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર વગેરે

(3) વર્ગ - 3 ના કર્મચારી : વિસ્તરણ અધિકારી, કારકુન, ટાઈપીસ્ટ, તલાટી-ક્મ મંત્રી, ગ્રામસેવક, પ્રા. શાળાના શિક્ષકો વગેરે.

(4) વર્ગ - 4 ના કર્મચારી : પટાવાળા, ચોકીદાર વગેરે.

**(1) ગ્રામ પંચાયત :**

→ તલાટી ક્મ મંત્રી : પંચાયતના મંત્રી, હિસાબનીશ અને મહેસૂલી ફરજો બજાવે છે. સમગ્ર તલાટી ક્રમ મંત્રીનો સંવર્ગ જિલ્લા પંચાયત હસ્તક હોય છે.

→ ગ્રામપંચાયતના અન્ય સ્ટાફમાં **વોટર વર્કસ ઓપરેટર, સફાઈ કામદાર પટાવાળા / ચોકીદાર, ઢોર પૂરવાના ડબાવાળો** અને કોઈ જગ્યાએ **ઉઘરાણી કલાર્કની** નિમણૂક પંચાયત દ્વારા થાય છે.

**(2) તાલુકા પંચાયત :**

→ **તાલુકા વિકાસ અધિકારી** : તાલુકા પંચાયતના મુખ્ય વહીવટી અધિકારી **તાલુકા વિકાસ અધિકારી** છે, જે તાલુકા પંચાયતના સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે.

→ તાલુકા વિકાસ અધિકારીના તાબામાં તાલુકા પંચાયતમાં ત્રણ જુદા-જુદા વર્ગમાંથી આવતા કર્મચારીઓ છે : (1) સામૂહિક વિકાસ કાર્યક્રમ (2) મહેસૂલી કામગીરીના કાર્મચારીઓ અને (3) સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમને લગતા કર્મચારીઓ.

→ સામૂહિક વિકાસ કાર્યક્રમને લગતા કરમચારીઓ નીચે પ્રમાણે હોય છે.

**⏩ મહેસૂલી કામગીરીનો સ્ટાફ નીચે પ્રમાણે હોય છે.**

તાલુકા વિકા, અધિકારી

સર્કલ ઈન્સ્પેક્ટર

**⏩ સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમનો સ્ટાફ નીચે પ્રમાણે હોય છે.**

**(3) જિલ્લા પંચાયત :**

જિલ્લા વિકાસ અધિકારી : જિલ્લા પંચાયતના મુખ્ય વહીવટી અધિકારીને જિલ્લા વિકાસ અધિકારી કહેવામાં આવે છે. જે મોટે ભાગે આઈ.એ.એસ. કે સમકક્ષ હોય છે. તેઓ હોદ્દાની રૂએ જિલ્લા પંચાયતના સેક્રેટરી ગણાય છે. તેમના તાબા નીચેના અન્ય અધિકારીઓ નીચે પ્રમાણે છે.

**→ વર્ગ - 1 ના અધિકારીઓ :**

જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પશુસંવર્ધન અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા સમાજકલ્યાણ અધિકારી, પ્રાથમિક શિક્ષણ અધિકારી, કાર્યાપાલક ઈજનેરો (બાંધકામ અને સિંચાઈ, નાયાબ જિલ્લા વિકાસ અધિકારી - પંચાયત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી - વિકાસ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી - મહેસૂલ, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, જિલ્લા આંકડા અધિકારી વગેરે.

**→ વર્ગ - 2 ના અધિકારીઓ :**

ચીટનીસ અને અન્ય ગેઝેટેડ અધિકારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

→ વર્ગ - 3 ના કર્મચારીઓમાં કારકુન, ઓવરસિયર, એકાઉન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

→ વર્ગ - 4 માં પટાવાળા, સફાઈ કામદાર, ચોકીદાર વગેરેનો સમાવેશ થાય છે.

**⏩ મામલતદાર અને પંચાયત :**

→ મામલતદાર તાલુકા (પંચાયત) માટેની આયોજન સમિતિમાં સભ્ય તરીકે ફરજ બજાવે છે.

**⏩ જિલ્લા કલેક્ટર અને પંચાયત :**

→ કલેક્ટર પંચાયતી રાજમાં કેટલીક ભૂમિકાઓ ભજવે છે.

→ રાજ્ય ચૂંટણી પંચ માટે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ચૂંટણી અધિકારીની ભૂનિકા ભજવે છે.

→ ગ્રામ પંચાયતમાં તેના સભ્યોની સંખ્યા, અનામત બેઠકો નક્કી કરવાની સત્તા ધરાવે છે.



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ સમગ્ર જિલ્લાના વિકાસ માટે જિલ્લા પંચાયતના સભ્યો અને નગરપાલિકાઓના સદસ્યો વગેરેની બનેલી જિલ્લા આયોજન સમિતિમાં કલેક્ટર સમિતિના સચિવ પદે હોય છે.

→ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ અને સ્ત્રીઓ માટે સરપંચનો હોદ્દો અનામત રાખવાનો નિર્ણય કલેક્ટર કરે છે.

→ ગ્રામ પંચાયતમાં વહીવટદાર નીમવાનો અધિકાર કલેક્ટરને છે.

## ⏩ વિકાસ કમિશનર અને પંચાયતી રાજ

→ વિકાસ કમિશનર પંચાયતી રાજના વહીવટમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

→ પંચાયત રાજ્યનો તમામ પ્રકારનો વહીવટ સંભાળવો અને તેનું નિયંત્રણ કરે છે.

→ રાજ્ય સરકાર અને પંચાયતો ઉપર દેખરેખ અને કાયદાકીય સત્તાઓ અદા કરે છે.

→ ગુજરાત પંચાયત ધારાનો અમલ કરાવે છે.

→ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હુકમો સામેની અપીલ સાંભળે છે.

## ⏩ વિકાસ કમિશનરની અન્ય સત્તાઓ :

→ જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નક્કી કરે છે.

→ ફરજમાં કસૂર બદલ જિલ્લા પંચાયતના સભ્યો, પ્રમુખ કે ઉપપ્રમુખને હોદ્દા પરથી સસ્પેન્ડ કરવાની સત્તા ધરાવે છે.

→ જિલ્લા પંચાયત માટે તાકીદના પ્રસંગે ખર્ચ મંજુર કરવાની સત્તા ધરાવે છે.

→ તાલુકા વિકાસ અધિકારીની નિમણૂક કરે છે.

→ તાલુકા પંચાયતની સભ્યસંખ્યા તથા અનામત બેઠકોનો નિર્ણય કરે છે.

→ જિલ્લા પંચાયતના પ્રમુખને કાર્યમથક સિવાય રહેવાની મંજૂરી આપે છે.

→ ગ્રામ પંચાયત માટે પેટા નિયમો બનાવવા જિલ્લા પંચાયતને પૂર્વ મંજૂરી આપે છે.

→ જિલ્લા પંચાયતની સભ્ય સંખ્યા અને અનામત બેઠકોનો નિર્ણય કરે છે.

→ જિલ્લા પંચાયતના પ્રમુખનું રાજીનામું સ્વીકારે છે.

⏩

